
યુવા ઉપનિષદ્ પબ્લિકેશન

7th Edition - 2020

# પંચાયતી રાજ



કેન્દ્ર અને રાજ્યની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી

YUVA UPNISHAD
PUBLICATION

• સંપાદક •
અજય પટેલ - સંજય પાઘડાળ

# અનુક્રમણિકા


| ક્રમ | પ્રકરણ | પાના નંબર |
|---|---|---|
| 1 | સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self Government Institutions) | 1 |
| 2 | પંચાયતી રાજનો ઈતિહાસ (History of Panchayati raj) | 3 |
| 3 | ભારતમાં પંચાયતી રાજને લગતી સમિતિઓ (Committees for Panchayati Raj in India) | 16 |
| 4 | ગુજરાતમાં પંચાયતી રાજ (Panchayati Raj in Gujarat) | 22 |
| 5 | પંચાયતી રાજને બંધારણીય દરજ્જો (Constitutional Status of Panchayati Raj) | 27 |
| 6 | ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Rural Local Self Government Institutions) | 31 |
| 7 | ગુજરાત પંચાયત અધિનિયમ - 1993 (Gujarat Panchayat Act - 1993) | 39 |
| 8 | ગ્રામ પંચાયત (Gram Panchayat) | 51 |
| 9 | ન્યાય પંચાયત અને ગ્રામ ન્યાયાલય (Nyay Panchayat & Village Court) | 71 |
| 10 | તાલુકા પંચાયત (Taluka Panchayat) | 74 |
| 11 | જિલ્લા પંચાયત (District Panchayat) | 85 |
| 12 | ત્રિ–સ્તરીય પંચાયતોની વિવિધ સમિતિઓ (Various Committees of Three-Level Panchayati Raj) | 98 |
| 13 | શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Urban Local Self Government Institutions) | 110 |
| 14 | નગર પંચાયત અને નગરપાલિકા (Nagar Panchayat & Municipality) | 123 |
| 15 | મહાનગરપાલિકા (Municipal Corporation) | 129 |
| 16 | નગરપાલિકા અને મહાનગરપાલિકાની સમિતિઓ (Committees of Municipality & Municipal Corporation) | 134 |
| 17 | પંચાયતોની જોગવાઈ (અનુસૂચિત વિસ્તારમાં વિસ્તરણ) (પેસા) અધિનિયમ-1996 (Panchayat Extention to the Scheduled Area (PESA) Act - 1996) | 139 |
| 18 | પંચાયતી રાજની સંસ્થાઓના અધિકારીઓ / કાર્મચારીઓ (Officers / Staff of Panchayati Raj Institutions) | 145 |
| 19 | સ્થાનિય સ્વશાસન સંસ્થાઓ–એક વિશ્લેષણ (Local Self Government Institutions - An Analysis) | 150 |
| ➡ | વિવિધ વનલાઈનર પ્રશ્નો (Miscellaneous Oneliner Questions) | 158 |
| ➡ | હેતુલક્ષી પ્રશ્નો (Objective Questions) | 161 |
| ➡ | અગાઉની પરીક્ષામાં પુછાયેલ પ્રશ્નો (Previous Exam Questions) | 180 |


DEMO COPY

# 1 સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ

(Local Self Government)

## પ્રસ્તાવના

લોકતંત્રનો આદર્શ માત્ર ત્યારે જ ફળીભૂત થાય જ્યારે **સત્તા કે શકિત નીચલા સ્તર** (Grass Root Level) સુધી પહોંચતી હોય.

→ એક વિશાળ દેશ માટે કે જેના મોટા ભાગની પ્રજા હજુ પણ અશિક્ષિત હોય,ત્યાં ગ્રામ પંચાયત અને **ભાગીદારી લોકતંત્ર** (Participatory Democracy) આશ્ચર્યજનક પરિણામ આપી શકે છે.

→ પંચાયત એટલે પંચ (પાંચ) + આયત (સભા/ગૃહ), પાંચ લોકોથી બનેલી સભા, સમૂહ કે ગૃહ દ્વારા સ્થાનિક કક્ષાએથી કરવામાં આવતા વહીવટ/શાસનને પંચાયતી રાજ કહે છે. જ્યાં લોકતાંત્રિક સમાજ સ્થાપવાનો હેતુ હોય, જ્યાં પરિવર્તન સ્વૈછિક સંમતિ અને સહકાર દ્વારા લાવવુ હોય તો, તે પરિવર્તન માત્ર પંચાયતીરાજ અથવા સ્થાનિય સ્વશાસન સંસ્થાઓ દ્વારા જ લાવી શકાશે.

→ દુનિયાના લોકશાહી દેશોમાં એકતંત્રી કે સમવાયતંત્રી રાજવ્યવસ્થા અમલમાં છે. આની પાછળનું મહત્વપૂર્ણ કારણ એ છે કે આધુનિક રાજ્યો વિશાળ–વિસ્તાર અને વિપુલ વસ્તી ધરાવે છે. વધુમાં દેશના જુદા જુદા ભાગની સમસ્યાઓ તેમજ પ્રશ્નો પણ ભિન્ન પ્રકારના હોય છે. કેન્દ્ર આ સમસ્યાથી સારી રીતે પરિચિત ન હોય તેમજ તેમની પાસે તમામ સમસ્યાઓ સારી ઢબે ઉકેલવા પુરતો સમય પણ ન હોય આવી પરિસ્થિતીમાંથી **લોકશાહી વિકેન્દ્રીકરણ** (Decentralization of Democracy)નો ખ્યાલ જન્મ્યો છે. કેન્દ્ર સરકારની જવાબદારીઓમાં અનેકગણો વધારો થયો છે. માત્ર કેન્દ્ર સરકાર દ્વારા જ એક સ્થાનેથી સમગ્ર દેશનું સંચાલન કરવું અતિ કઠિન અને કપરું છે.

→ જ્યા સમવાયતંત્ર (Federal System) અમલમાં છે ત્યાં સમવાય અને એકમ (Unit) સરકારની જોગવાઈ કરવામાં આવી છે. એકમ સરકારોએ પણ વહીવટી સરળતા કે સુગમતા ખાતર સત્તા અને કાર્યોના વિકેન્દ્રીકરણનો ખ્યાલ વિકસાવ્યો છે. આમ, વિકેન્દ્રીકરણના વિચારથી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો જન્મ તથા વિકાસ થયો છે. આ સંસ્થાઓ લોકશાહીમાં '**તીસરી સરકાર** (Third Government)' ગણાય છે.

→ બંધારણીય રીતે ભારતમાં વહીવટ કરવા માટે અલગ-અલગ સ્તર પર અલગ-અલગ જોગવાઈ કરવામાં આવી છે. જેમકે કેન્દ્રમાં સંસદ જેમા રાષ્ટ્રપતિ, લોકસભા અને રાજ્યસભાનો સમાવેશ થાય છે તેવી જ રીતે રાજ્યમાં ધારાસભા, જેમા રાજ્યપાલ, વિધાનસભા અને વિધાનપરિષદનો સમાવેશ થાય છે. તેવી જ રીતે દેશના સૌથી નીચલા સ્તર પર સ્થાનિક સ્વરાજની સંસ્થા જેમાં પંચાયત અને નગરપાલિકાનું નિર્માણ થયેલું છે.

→ સ્થાનિક સ્વરાજની સંસ્થામાં ગ્રામ્ય સ્તર પર પંચાયતો કે જેમા ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની વ્યવસ્થા થયેલી છે, જે એકબીજા સાથે જોડાયેલી છે. તેનાથી અલગ શહેરી વિસ્તારમાં નગરપંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાની વ્યવસ્થા થયેલી છે આ દરેક સંસ્થા સ્વતંત્ર રીતે કાર્ય કરે છે. તે પંચાયતોની જેમ એકબીજા સાથે જોડાયેલ નથી.

→ ભારતમાં સ્થાનિક સ્વરાજયનો ઉદ્દેશ બધા રાજ્યોમાં નીચલા સ્તર પર લોકતંત્રની સ્થાપના કરવાનો હતો. જેને ગ્રામ તેમજ શહેરી વિસ્તારની જવાબદારી સોંપવામાં આવી.

→ કેન્દ્રીય અને પ્રાદેશિક સ્તર પર ચુંટાયેલી સરકારની હાજરી માત્ર કોઈ લોકતંત્ર માટે પુરતી નથી. લોકતંત્ર માટે એ પણ જરૂરી છે કે સ્થાનિક સ્તર પર સ્થાનિક બાબતોની કાળજી કરવા વાળી એક નિશ્ચિત સરકાર હોય.

YUVA UPNISHAD PUBLICATION DEMO COPY

→ **કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં** પણ **ત્રિ-સ્તરીય પંચાયતીરાજ** વ્યવસ્થાની વાત કરવામાં આવેલછે. જે મુજબ રાજ્યના વડા તરીકે **રાજા, જનપદ** અર્થાત ગામડાઓના સમૂહના વડા તરીકે **'સમાહર્તા'** અને ગામના વડા તરીકે **'ગ્રામીણી'** હતા. કૌટિલ્યના અર્થશાસ્ત્ર મુજબ પાંચથી દસ ગામડાઓનો સમુહ 'ગોપ' તરીકે ઓળખાતો; જેનો વહીવટ 'સ્થાનિક' દ્વારા થતો હતો. 'અર્થશાસ્ત્ર' મુજબ સ્થાનિક વહીવટદારનું પદ વારસાગત મળતું હતું. પરંતુ તેના માટે રાજાની અનુમતી મળવી જરૂરી હતી. અહીં શહેરને પૂર તરીકે ઓળખવામાં આવતું હતું. સ્થાનિક સંસ્થાઓ કોઈપણ શાહી દખલથી મુક્ત હતી.



ચાણક્ય

સામ્રાજ્ય
↓
પ્રાંત
↓
વિષય કે આહાર
↓
સ્થાનીય (800 ગામોનો સમૂહ)
↓
દ્રોણમુખ (400 ગામોનો સમૂહ)
↓
ખાર્વાટિક (200 ગામોનો સમૂહ)
↓
સંગ્રહણ (100 ગામોનો સમૂહ)
↓
ગોપ (10 ગામોનો સમૂહ)
↓
ગામ (વહીવટનું સૌથી નાનું એકમ)

→ ગ્રીક મુસાફર **મેગેસ્થનીઝે** પંચાયતોનો **'પેન્ટાર્ક'** તરીકે ઉલ્લેખ કરેલ છે. તેને પોતાના વિવરણમાં લખ્યું છે કે, **'મૌર્યોની રાજધાની પાટલીપુત્રમાં આદર્શ વહીવટતંત્ર તથા સ્વશાસન હતું'**. ચીની મુસાફર **હ્યુ–એન–ત્સાંગના** પુસ્તક **'સી–યુ–કી'** અને **ફાહિયાનના** પુસ્તક **'ફો–કયુ–કી'** માં સમૃદ્ધ ગ્રામીણ ભારતનો ઉલ્લેખ કરેલ છે.



ફાહિયાન



હ્યુ-એન-સાંગ

→ ઈ.સ. પૂર્વેની ત્રીજી સદી દરમિયાન વિષ્ણુશર્મા દ્વારા તૈયાર કરવામાં આવેલા 'પંચતંત્ર' માં પણ ગ્રામીણ જીવન અને વહીવટ અંગેનો ઉલ્લેખ મળે છે. બૌદ્ધ સાહિત્ય મુજબ ગામડાં વહીવટની દ્રષ્ટિએ સ્વતંત્ર હતાં. ગામનું મહેસૂલ ઉઘરાવતા વ્યકિતને 'ગામભોજકા' તરીકે ઓળખવામાં આવતો.

→ ભારતમાં ગ્રામ સમિતિઓનો વ્યવસ્થિત ધોરણે વિકાસ ગુપ્તકાળ દરમિયાન થયો હતો. તે સમયે ગ્રામસભા **'પંચમકલીઓ'** અથવા **'ગ્રામ જનપદો'** તરીકે ઓળખવામાં આવતી. પ્રાચીન ભારતમાં દરેક ગામ એક નાનકડુ પ્રજાસત્તાક હતું.

DEMO COPY
YUVA UPANISHAD PUBLICATION

# 3 ભારતમાં પંચાયતી રાજને લગતી સમિતિઓ

(Committees for Panchayati Raj in India)

## કૉંગ્રેસ ગ્રામ પંચાયત સમિતિ (શ્રીમાન નારાયણ સમિતિ), 1954

**23 મે, 1954ના રોજ આ સમિતિની રચના કરવામાં આવી.**

- **મહત્વની ભલામણો :**

દરેક ગામમાં ફરજિયાત **ગ્રામસભા** રચવી અને ગ્રામસભા દ્વારા ગ્રામ પંચાયતની રચના કરવી જોઈએ.



શ્રીમાન નારાયણ

→ ન્યાય પંચાયતની રચના કરવી જોઈએ અને ન્યાય પંચાયતના તથા ગ્રામ પંચાયતના કાર્યો જુદાં–જુદાં હોવા જોઈએ.

→ ગ્રામ પંચાયતની ચૂંટણી સર્વાનુમતે થવી જોઈએ.

→ પંચાયતને રાજકારણથી દૂર રાખવા પૂરતા પ્રયાસો કરવા

→ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે વસ્તીના પ્રમાણમાં અનામત બેઠકની ફાળવણી કરવી જોઈએ.

→ પંચાયતને નગરપાલિકાના સામાજિક, આર્થિક તથા ન્યાયિક કાર્યો સોંપવા જોઈએ.

→ રાષ્ટ્રીય યોજનાના અમલીકરણની જવાબદારી ગ્રામ પંચાયતની હોવી જોઈએ અને તેવી રીતે જ ગ્રામ પંચાયતની રચના તથા તેનો વિકાસ કરવો જોઈએ.

→ આ સમિતિની બધી જ ભલામણ 1954 માં મળેલ સ્થાનિક સ્વરાજ ખાતાના મંત્રીઓની પરિષદમાં સ્વીકારવામાં આવી હતી.

## બળવંતરાય મહેતા સમિતિ, 1957

સામૂહિક વિકાસ કાર્યક્રમ-1952 તથા રાષ્ટ્રીય વિસ્તાર સેવા-1953 નામની યોજનાના કાર્યક્રમોનું નિરીક્ષણ કરવા માટે ભારત સરકારે **જાન્યુઆરી 1957માં** બળવંતરાય મહેતા સમિતિની રચના કરી હતી. **નવેમ્બર** 1957માં આ સમિતિએ ભારત સરકારને રિપોર્ટ આપ્યો. જેમાં **સત્તાના વિકેન્દ્રીકરણ** માટે ભલામણો કરી. જે પંચાયતી રાજ તરીકે ઓળખવામાં આવ્યું.



બળવંતરાય મહેતા

- **મહત્વની ભલામણો :**

1. આ સમિતિએ ત્રિ-સ્તરીય પંચાયતી રાજ સ્થાપવાનું સૂચન કર્યું.
   a) જિલ્લા પંચાયત
   b) તાલુકા પંચાયત
   c) ગ્રામ પંચાયત
2. ગ્રામ પંચાયતની ચૂંટણી પ્રત્યક્ષ રીતે લોકો દ્વારા તથા તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી અપ્રત્યક્ષ રીતે કરવાનું સૂચવ્યું.
3. ગ્રામ પંચાયતોનું વિઘટન કરતા પહેલા જિલ્લા પંચાયતનો અભિપ્રાય લેવો.

DEMO COPY

| ગુજરાતમાં પંચાયતી રાજ સંક્ષિપ્તમાં | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | સમિતિના અધ્યક્ષનું નામ | સમિતિ નિમાયા તારીખ | અહેવાલ આપ્યા તારીખ | મુખ્યમંત્રી | રાજ્યપાલ | વિધાનસભાના અધ્યક્ષ |
| 1. | રસિકલાલ પરીખ | 15-07-1960 | 13-12-1960 | ડૉ. જીવરાજ મહેતા | મહેંદી નવાઝ જંગ | માનસિંહજી રાણા |
| 2. | જાદવજીભાઈ મોદી | 22-06-1964 | 31-01-1965 | બળવંતરાય મહેતા | મહેંદી નવાઝ જંગ | ફતેહઅલી પાલેજવાળા |
| 3. | ડાહ્યાભાઈ નાયક | 31-01-1968 | 27-06-1970 | હિતેન્દ્ર દેસાઈ | ડૉ. શ્રીમાન નારાયણ | રાઘવજી લેઉઆ |
| 4. | ઝીણાભાઈ દરજી | 12-04-1972 | 30-09-1972 | ઘનશ્યામભાઈ ઓઝા | ડૉ. શ્રીમાન નારાયણ | રાઘવજી લેઉઆ |
| 5. | સચિવશ્રી, પંચાયત વિભાગ–ગુજરાત | 23-07-1976 | 30-11-1976 | રાષ્ટ્રપતિ શાસન | કે. કે. વિશ્વનાથન | કુંદનલાલ ધોળકિયા |
| 6. | રિખવદાસ શાહ | 23-05-1977 | 18-07-1978 | બાબુભાઈ પટેલ | કે. કે. વિશ્વનાથન | મનુભાઈ પાલખીવાળા (પ્રથમ કાર્યકારી અધ્યક્ષ) |

DEMO COPY

## Q વનલાઈનર પ્રશ્નો

1. પંચાયતી રાજનું અમલ કરનાર ગુજરાત દેશનું કેટલામું રાજ્ય છે ? – **8મું**
2. બંધારણની અનુસૂચિ–11 હેઠળનાં કેટલાં કામો પંચાયતોને સોંપાયાં હોવાનું ગુજરાત સરકારે કેન્દ્રને જણાવેલું છે ? – **15**
3. ગુજરાત પંચાયત અધિનિયમ 1961 ના અમલીકરણ સમયે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ કોણ હતા ? – **ફતેહઅલી પાલેજવાળા**
4. ગુજરાત પંચાયત અધિનિયમ 1961 ના અમલીકરણ સમયે ગુજરાતના રાજ્યપાલ કોણ હતા ? – **મહેદી નવાઝ જંગ**
5. ગુજરાત પંચાયત અધિનિયમ 1961 ના અમલીકરણ સમયે ગુજરાતના મુખ્યમંત્રી કોણ હતા ? – **જીવરાજ મહેતા**
6. રસિકભાઈ પરીખ સમિતિની રચના ગુજરાતમાં કઈ સાલમાં થઈ? – **1960 માં**
7. ગુજરાતમાં પંચાયતી રાજ અંગેની પ્રથમ સમિતિ કઈ ? – **રસિકલાલ પરીખ**
8. ગુજરાતમાં ન્યાય પંચાયતો સક્રિય અને લોકપ્રિય થઈ શકી નહોતી એવું કોના અહેવાલમાં નોંધાયું હતું ? – **રિખવદાસ શાહ સમિતિ**
9. ગુજરાત પંચાયત અધિનિયમ સૌપ્રથમ ક્યારે ઘડવામાં આવ્યો હતો ? – **ઈ.સ. 1961**
10. ગુજરાત પંચાયત અધિનિયમ 1961 નો અમલ ક્યારથી થયો ? – **1 એપ્રિલ, 1963 (GPSC *મુલ્કી સેવા વર્ગ 1/2 મુખ્ય પરીક્ષા–2016, જુનિયર ક્લાર્ક–2011, જુનિયર ક્લાર્ક (બેંક લોગ)પરીક્ષા -2011, નાયબ ચિટનીસ પરીક્ષા 2014*)**
11. ગુજરાત પંચાયત અધિનિયમ 1961 નો અમલ કચ્છ જિલ્લામાં ક્યારથી થયો ? – **15 એપ્રિલ, 1963**
12. ગુજરાત પંચાયત અધિનિયમ 1961 નો અમલ ડાંગ જિલ્લામાં ક્યારથી થયો ? – **1 જૂન, 1972**
13. ગુજરાતમાં પંચાયતી રાજની સ્થાપના ક્યારે થઈ ? – **01-04-1963 *(જુનિયર ક્લાર્ક (બેંક લોગ)–2011)***
14. રિખવદાસ સમિતિની રચના ક્યારે થઈ ? – **ઈ.સ.1977**

# 5 પંચાયતી રાજને બંધારણીય દરજ્જો
(Constitutional Status of Panchayati Raj)

## પ્રસ્તાવના

રાષ્ટ્રીય વિકાસ પરિષદે બળવંતરાય મહેતા સમિતિની ભલામણોનો સ્વીકાર જાન્યુઆરી, 1958 માં કર્યો. જેના અનુસંધાને ભારતના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુએ 2 ઓક્ટોબર, 1959 ના રોજ આ 3 સ્તરવાળા માળખાને '**પંચાયતીરાજ**' શબ્દ આપી **રાજસ્થાનના નાગૌર** જિલ્લાના **બગદર** ગામથી ભારતની પ્રથમ ત્રિસ્તરીય પંચાયતીરાજની શરૂઆત કરી.

→ આ ત્રિસ્તરીય પંચાયતીરાજનો અમલ રાજ્યોની વિધાનસભાઓ દ્વારા વ્યવસ્થિત રીતે અમલ ન કરાતા પંચાયતી રાજને બંધારણીય દરજ્જો આપવાની જરૂરિયાત ઊભી થઈ.

→ વર્ષ 1986 માં પંચાયતી રાજ સંસ્થાનોના પુનર્જીવન માટે રાજીવ ગાંધી સરકારે લક્ષ્મીમલ સિંઘવીની અધ્યક્ષતામાં એલ.એમ. સિંઘવી સમિતિની રચના કરી. આ સમિતિએ પોતાનો અહેવાલ નવેમ્બર 1986 માં આપ્યો.

→ ત્યારબાદ પંચાયતોની ઉપયોગીતા સમજીને રાજીવ ગાંધી સરકારે વર્ષ 1988 માં સંસદ સભ્ય પી. કે. થુંગનની અધ્યક્ષતામાં સમિતિની રચના કરી.

## 64મો બંધારણીય સુધારો, 1989

15 મે, 1989 ના રોજ રાજીવ ગાંધી સરકારે **એલ. એમ. સિંઘવી** સમિતિની ભલામણો ધ્યાનમાં રાખી પંચાયતીરાજને બંધારણીય દરજ્જો આપતો **64મો** બંધારણીય સુધારો લોકસભામાં રજૂ કર્યો જે 15 ઓક્ટોબર, 1989 ના રોજ રાજ્યસભામાં બહુમતી ન મળતા પસાર થયો નહીં.



રાજીવ ગાંધી

→ ભારતના તત્કાલીન **વડાપ્રધાન રાજીવ ગાંધી**ના કાર્યકાળ દરમિયાન સંસદમાં આ સુધારો રજૂ કરવામાં આવ્યો હતો જે મુજબ...

→ પંચાયતી રાજનો અમલ **ત્રિ-સ્તરીય** હોવો જોઈએ.

→ પંચાયતનો કાર્યકાળ **5 વર્ષ** રાખવો જોઈએ.

→ પંચાયતની તમામ બેઠકો માટે પ્રત્યક્ષ ચૂંટણી કરવી જોઈએ અને પંચાયતમાં **મહિલાઓ માટે** 30% **અનામત** બેઠકની ફાળવણી કરવી જોઈએ.

→ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે તેની કુલ વસ્તીના પ્રમાણમાં અનામત બેઠકની ફાળવણી કરવી જોઈએ.

→ બરખાસ્ત (સુપરસીડ) થતી પંચાયતની ચૂંટણી **6 મહિનાની અંદર** કરવી જોઈએ અને આ નવી પંચાયતનો કાર્યકાળ બાકી રહેલા કાર્યકાળ પુરતો જ રાખવો જોઈએ.

→ પંચાયતની ચૂંટણીનું આયોજન અને અંકુશ ભારતના ચૂંટણીપંચ દ્વારા થવું જોઈએ.


→ પંચાયતોના હિસાબોનું ઓડિટ ભારતના **નિયંત્રક અને મહાલેખાપરીક્ષક** (CAG) દ્વારા થવું જોઈએ.

→ રાજ્ય નાણાંપંચની નિમણૂક દર **5 વર્ષે** કરવી જોઈએ.

→ પંચાયતોને કામગીરી માટે 24 વિષયો આપવા (હાલમાં 29 વિષયો રહેલા છે.)

→ રાજીવ ગાંધી સરકારનો **64 મો બંધારણીય સુધારો** લોકસભામાં પસાર થયો, પરંતુ રાજ્યસભામાં બહુમતી ન મળતા આ સુધારો અમલમાં આવી શકયો નહી.

DEMO COPY




## 73માં અને 74માં સુધારાની વિશેષ બંધારણીય માહિતી


| | 73મો બંધારણીય સુધારો | 74મો બંધારણીય સુધારો |
|---|---|---|
| બંધારણનો ભાગ | 9 | 9 (A) |
| સંસ્થાઓ | પંચાયતો | નગરપાલિકા |
| અનુચ્છેદ | 243 થી 243 (O) | 243 (P) થી 243 (Z) (G) |
| અનુસૂચિ | 11 (29 વિષયો) | 12 (18 વિષયો) |
| અમલ | 24 એપ્રિલ, 1993 થી અમલમાં | 1 જૂન, 1993 થી અમલમાં |

DEMO COPY

**નોંધ**

- બંધારણીય સુધારા 1956 અંતર્ગત બંધારણ ભાગ (7) અને ભાગ (9) રદ કરવામાં આવ્યા. જેમાં 1948 માં દેશી રાજ્યોનું વિલિનિકરણ કરી ભારતના રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને (અ), (બ), (ક), (ડ) એમ ચાર ભાગમાં વિભાજિત કરવામાં આવ્યા હતાં.
- વર્ષ 1952 માં ભાષાના આધારે રાજ્યની પુનઃરચના કરવાની માંગણી જે અંતર્ગત વર્ષ 1953માં ન્યાયમૂર્તિ ફઝલ અલીના અધ્યક્ષપણા હેઠળ ભાષા પંચની રચના થઈ. જે આધારે વર્ષ 1956 માં ભાષાને આધારે 14 રાજ્ય અને 6 કેન્દ્ર શાસિત પ્રદેશ બન્યા.
- અગાઉ બનેલા (અ), (બ), (ક), (ડ) જેવા ભાગોને રદ કરવામાં આવ્યાં.
- બંધારણનો ભાગ (9) ની અનુચ્છેદ–243 એ વર્ષો સુધી ખાલી રહી. ત્યારબાદ તેમાં 73માં બંધારણીય સુધારા - 1992 અંતર્ગત ભાગ–9 ગ્રામીણ સ્થાનિક સ્વરાજની સંસ્થા ઉમેરવામાં આવી.

જિલ્લા પંચાયત, (2) તાલુકા પંચાયત, (3) ગ્રામ પંચાયત




- **243 (C) : પંચાયતની સંરચના**

આ અનુચ્છેદ મુજબ રાજ્યની વિધાનસભાને કાયદાથી પંચાયતોના માળખાની રચના કરવાની સત્તા છે.

→ સમગ્ર રાજ્યમાં એક સરખા સ્તરની પંચાયતની વિસ્તારની વસ્તી અને બેઠકોનું પ્રમાણ રાખવું.

→ પંચાયતની બધી બેઠકો પંચાયતના પ્રાદેશિક મતદાર–વિભાગમાંથી પ્રત્યક્ષ ચૂંટણીથી પસંદ થયેલા લોકોથી ભરવામાં આવશે.

→ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના અધ્યક્ષની ચૂંટણી પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી એટલે કે પરોક્ષ રીતે થશે.

- **243 (D) : પંચાયત માટે અનામત બેઠકો**

પંચાયતમાં **મહિલાઓ** માટે કુલ બેઠકોની **1/3 બેઠકો** અનામત રાખવામાં આવે છે.

→ પંચાયતમાં **સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની વસ્તી માટે 10% બેઠકો અનામત** રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

→ પંચાયતના **અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે તેની વસ્તીના પ્રમાણમાં અનામત** બેઠકની જોગવાઈ કરવામાં આવી છે.

→ ગ્રામ પંચાયતની અનામત બેઠકોની ફાળવણી રાજ્ય ચૂંટણી કમિશન કરે છે, પરંતુ રાજ્ય ચૂંટણી કમિશને તેનો અધિકાર **કલેક્ટરને** આપેલો છે.

→ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની અનામત બેઠકોની ફાળવણી **વિકાસ કમિશનર** કરે છે.

- **243 (E) : પંચાયતની મુદત**

પંચાયતની મુદત **પ્રથમ બેઠકથી 5 વર્ષ**નો હોય છે.

→ પંચાયતનું વિસર્જન થાય ત્યારે વધુમાં વધુ છ મહિનાની અંદર ચૂંટણીનું આયોજન કરવામાં આવે છે. સુપરસિડ ( વિસર્જીત) થયેલી પંચાયતનો કાર્યકાળ બાકી રહેતી મુદત પૂરતો જ હોય છે.

→ પંચાયતની પુનઃરચના માટે પંચાયતની મુદત પૂરી થાય તે પહેલાના 2 મહિનાની અંદર અને મુદત પૂરી થાય તે પછીના 15 દિવસમાં ચૂંટણી યોજવી જરૂરી છે.

- **243 (F) : સભ્ય માટેની ગેરલાયકાતો**

પંચાયતના સભ્ય ત્યારે ગેરલાયક ગણાશે જ્યારે તે રાજ્યની વિધાનસભા ચૂંટણીના હેતુ માટે તે સમયે અમલમાં હોય તેવા કાયદા હેઠળ ગેરલાયક હોય.

→ પંચાયતની પહેલી બેઠકથી **સતત ચાર બેઠક સુધી ગેરહાજર** રહે તો જે તે સભ્યનું સભ્યપદ ખાલી ગણવામાં આવે છે.

- **243 (G) : પંચાયતની સત્તા, અધિકાર અને જવાબદારી**

ભારતીય બંધારણ મુજબ જે તે રાજ્યની વિધાનસભા કાયદા બનાવી જરૂરી અધિકારો અને સત્તાઓ પંચાયતની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને આપવામાં આવશે.

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

# 7 ગુજરાત પંચાયત અધિનિયમ-1993
(Gujarat Panchayat Act-1993)

ગુજરાતમાં 73 મા બંધારણીય સુધારાને અનુરૂપ 11 મી અનુસૂચિ અન્વયે 29 વિષયો પંચાયત હસ્તક મૂકવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ, 1961નો પંચાયત ધારો રદ કરી તેના સ્થાને નવો ગુજરાત પંચાયત અધિનિયમ, 1993 વિધાનસભામાં પસાર કરવામાં આવ્યો, જે 15/04/1994 અમલી બનેલ છે.

→ પંચાયતી રાજ સંબંધમાં અનુસૂચિત જનજાતિ માટે ભૂરિયા સમિતિની રચના કરવામાં આવી હતી. તેના અહેવાલ મુજબ સરકારે પેસા એક્ટ–1996 (PESA-Panchayats - Extension to Scheduled Areas) અમલી બનાવ્યો.

→ તે પ્રમાણે 1998માં રાજ્યના અનુસૂચિત વિસ્તાર પૂરતો પેસા એક્ટ્નો અમલ પંચાયત સુધારા–1998 થી શરૂ કરેલ છે.

## ગુજરાત પંચાયત-અધિનિયમ, 1993ના વિશિષ્ટ લક્ષણો

ગુજરાતમાં ગુજરાત પંચાયત અધિનિયમ, 1993 નો અમલ શરૂ થયો, ત્યારે મુખ્યમંત્રી શ્રી ચીમનભાઈ પટેલની સરકાર શાસનમાં હતી.

→ પંચાયતી રાજ વ્યવસ્થામાં રાજ્યના પંચાયત મંત્રીની અધ્યક્ષતામાં જિલ્લા પંચાયતના ચૂંટાયેલા પ્રમુખો, વિધાનસભા દ્વારા ચૂંટાયેલા ત્રણ સભ્યો સાથેની પંચાયતી રાજ પરિષદની રચના કરવામાં આવેલી છે.

→ પંચાયતી રાજને વધુ સમૃદ્ધ બનાવવા માટે અને સમયસર ચૂંટણીઓ થાય તે માટે પંચાયત ધારામાં રાજ્ય ચૂંટણી પંચની રચનાની જોગવાઈ કરવામાં આવેલ છે.

→ જેમ લોકસભા અને વિધાનસભા માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે અમલમાં છે, એવી રીતે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ગ્રામ પંચયત સિવાય તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યો માટે પક્ષાંતર ધારો અમલમાં છે.

→ વિકાસના કામો તથા બી.પી.એલ. લાભાર્થીઓ તથા યોજનાઓની વહીવટી મંજૂરી તથા સામાજિક ઓડિટ વગેરે સંબંધે ગ્રામસભાને વધુ મજબૂત બનાવવા માટે દરેક ગ્રામ પંચાયતે વર્ષમાં ઓછામાં ઓછી ચાર ગ્રામસભા ભરવી.

→ ભરતી અને સેવા સંબંધિત બાબતો માટે પંચાયત સેવા પસંદગી મંડળની રચના કરવામાં આવી છે.

→ પંચાયતી રાજ સંસ્થાઓને 100 ટકા મહેસૂલી કાર્યોની વૈધાનિક ફાળવણી કરવામાં આવી છે.

→ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓનું પ્રતિનિધિત્વ તેમની વસતીના આધારે નિશ્ચિત કરવામાં આવ્યું છે.

→ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે 10% બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

→ દરેક સ્તરે મહિલાઓ માટે 33% અનામત બેઠકો રાખવાની જોગવાઈ છે. (જો કે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના સમયમાં વર્ષ 2016 માં આ અનામત 50% કરવામાં આવેલ છે.)

→ જમીનની મહેસૂલી કામગીરી અને પંચાયતના વહીવટ માટે તલાટી–કમ–મંત્રી સંવર્ગની રચના કરવામાં આવેલી છે.

→ પંચાયતી રાજ સંસ્થાઓ ઉપર દેખરેખ, નિયંત્રણ અને માર્ગદર્શન માટે વિકાસ કમિશ્નરશ્રીનું તંત્ર કામ કરે છે.

→ ગ્રામ પંચાયત માટે અનામત બેઠકોની ફાળવણી કલેક્ટર અને તાલુકા/જિલ્લા પંચાયત માટે બેઠકોની ફાળવણી વિકાસ કમિશ્નર કરે છે.

→ ગ્રામસભા દ્વારા સામાજિક ઓડિટ અને સ્થાનિક ભંડોળ અન્વેષક દ્વારા તમામ સંસ્થાઓનું નાણાકીય ઓડિટ કરવામાં આવે છે.

DEMO COPY

→ સરપંચની ગેરહાજરીમાં તેમના બધા કાર્યો ઉપસરપંચ સંભાળે છે.

→ ગ્રામ સભાની બેઠકમાં સંજોગોવસાત સરપંચ ગેરહાજર હોય તો અધ્યક્ષ સ્થાન ઉપસરપંચ લે છે.

**નોંધ**

→ ગ્રામપંચાયતના સભ્યો પોતાનું રાજીનામું સરપંચને આપે છે અને તેમના રાજીનામા અંગેની તકરાર તાલુકા વિકાસ અધિકારી કરે છે.

→ પંચાયતના સભ્યના રાજીનામા પાછા ખેંચી શકાતા નથી, કારણ કે જે દિવસે સરપંચને રાજીનામું મળશે તે દિવસથી તે મંજૂર ગણાશે.

→ ગ્રામ પંચાયતની રચના ગુજરાત પંચાયત અધિનિયમ -1993ની કલમ-9 માં ઉલ્લેખ થયેલો છે.

→ ગુજરાતમાં પહેલા ગ્રામપંચાયત શબ્દ પંચાયતધારામાં હતો. 1993ના ગુજરાત ગ્રામ પંચાયત અધિનિયમમાં પંચાયત શબ્દ પ્રયોજાયો છે.

→ ગ્રામ પંચાયતનો સભ્ય સતત ચાર મહિના સુધી ગ્રામ પંચાયતની બેઠકમાં ગેરહાજર રહે તો તેનું પદ ખાલી ગણવામાં આવે છે.

→ ગોવા, કર્ણાટક, મહારાષ્ટ્ર, ત્રિપુરા, સિક્કિમ, કેરળ, પશ્ચિમ બંગાળમાં સરપંચની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે.

→ **મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ અને દિલ્હી**માં પંચાયતી રાજની રચના કરવામાં આવી નથી.

→ ભારતની પ્રથમ મહિલા સરપંચ **છાવી રાજાવત** છે જેઓ રાજસ્થાનના ટોન્ક જિલ્લાના સોડા ગામના વતની છે.

→ **ભદ્રેશ વામજા** 21 વર્ષની ઉંમરે અમરેલી જિલ્લાના સેલડી ગામના સૌથી ગુજરાતના યુવાન સરપંચ બન્યા હતા.

→ ગ્રામ પંચાયતની ચૂંટણી પક્ષીય ધોરણે થતી નથી. જ્યારે તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી પક્ષીય ધોરણે કરવામાં આવે છે. તેથી ગ્રામ પંચાયતને પક્ષાંતર ધારો લાગુ પડતો નથી. જ્યારે તાલુકા અને જિલ્લા પંચાયતને પક્ષાંતર ધારો લાગુ પડે છે.

DEMO COPY

## ગ્રામ સભા

ગ્રામ સભાને પંચાયતી રાજનું હૃદય કહેવામાં આવે છે. ગ્રામ સભા એ પંચાયતી રાજ સંસ્થાનું બુનિયાદી એકમ છે.



→ **સૌરાષ્ટ્ર** રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી **ઉચ્છરંગરાય ઢેબરે** ગ્રામ સભાને **"પંચાયતી રાજની ગંગોત્રી"** તરીકે ઓળખાવી છે. પંચાયતીરાજનો પાયો ગ્રામ પંચાયતમાં નહી પરંતુ ગ્રામ સભાના સશક્તિકરણમાં રહેલો છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાનું પાયાનું એકમ ગ્રામ પંચાયતને બદલે ગ્રામ સભાને ગણવામાં આવે છે. 1962 માં સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્યુનિટી ડેવલપમેન્ટ અને 1963 માં કેન્દ્ર સરકારની **'દિવાકર સમિતિ'** એ ગ્રામ સભાને કાયદેસરનું અસ્તિત્વ આપવાની ભલામણ કરી હતી.

→ **જયપ્રકાશ નારાયણ એ કહ્યું છે કે ગ્રામપંચાયત અને ગ્રામ સભા વચ્ચે મંત્રીમંડળ (Council of Minister) અને ધારાસભાના ગૃહ (Legislative Assembly) જેવો સંબંધ હોવો જોઈએ.**

→ ભારત સરકારે **1999-2000 વર્ષ**ને **'ગ્રામ સભા વર્ષ'** તરીકે જાહેર કર્યું હતું.

→ ગ્રામ સભા એ ગામની ધારાસભા જેવી છે. ગામમાં રહેતા પુખ્ત વયના બધા જ સભ્યો ગ્રામ સભાના સભ્યો ગણાય છે.

→ કેન્દ્ર સરકારના ગ્રામીણ ક્ષેત્ર અને રોજગાર વિભાગના રાજયમંત્રીશ્રી બાબા ગૌડા પાટીલે ગ્રામ સભાને સબળ અને સક્ષમ બનાવવા માટે કેટલાંક ચોકકસ પગલાં ભરવા માટે રાજયોને વિનંતી કરી હતી.

→ નક્કી કરેલા દિવસે પાક પદ્ધતિ કે પિયત પદ્ધતિ જોવા માટે લોકોની મુલાકાત લેવી.

→ દર મહિને રાત્રિ સભાનું આયોજન કરીને ખેતી વિષયક માહિતી ખેડૂતોને આપવી.

→ 1 મહિનામાં 5 રાત્રિ ગામમાં રોકાવવું.

→ 15 દિવસનું ક્ષેત્રીય મુલાકાત કરવું.

- **વિકાસ વિષયક કાર્યો**

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સોંપેલા તમામ કાર્યો કરવા.

→ સૌથી ગરીબ હોય તેને અગ્રીમતા આપવામાં મદદરૂપ થવું.

- **સમન્વય વેબ પોર્ટલ**

→ ભારત સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા **વર્ષ 2015** માં ગ્રામ પંચાયતોના વિકાસ અને સાંસદ આદર્શ ગ્રામ યોજનાની પ્રગતિ અને અમલીકરણની દેખરેખ માટે સમન્વય વેબ પોર્ટલ પ્રારંભ કર્યો છે.

→ આ યોજનાનો મુખ્ય હેતુ સાંસદ આદર્શ ગ્રામ યોજના અને સંબંધિત યોજનાઓના અમલીકરણમાં સંસદ સભ્યોને મદદ કરવાનો છે.સાંસદ આદર્શ ગ્રામ યોજનાની શરૂઆત **વર્ષ 2014** માં કરવામાં આવી હતી.

| ગુજરાત પંચાયત અધિનિયમ, 1993 મુજબ ગ્રામ પંચાયત | | |
|---|---|---|
| ક્રમ | વિગત | વિશેષ વિગત |
| 1. | રચના | 25000 સુધીની વસ્તી ધરાવતા ગામમાં ગ્રામ પંચાયતની રચના થાય છે. એક ગામ અથવા વધુ ગામ મળીને પણ એક પંચાયત રચી શકે છે. |
| 2. | વડા | સરપંચ |
| 3. | વહીવટી વડા | તલાટી કમ મંત્રી (જેમની નિમણૂક રાજ્ય સરકાર દ્વારા થાય છે.) |
| 4. | અનામત | ST/SC માટે વસ્તી પ્રમાણે અનામત રાખવામાં આવે છે. જે ગામમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની SEBC ની વસ્તી હોય ત્યાં ગ્રામ પંચાયતની કુલ બેઠકોની 10% બેઠકો તેમના માટે અનામત રાખવામાં આવે છે. |
| | | મહિલા માટે 1/3 સીટ અનામત રાખવામાં આવે છે. (ગુજરાતમાં 2015 થી 50%) |
| 5. | અનામત બેઠકોની ફાળવણી | ગ્રામ પંચાયત માટે અનામત સીટની ફાળવણી જિલ્લા કલેકટર દ્વારા કરવામાં આવે છે. |
| 6. | સભ્યસંખ્યા | 3000 સુધીની વસ્તી માટે ઓછામાં ઓછા 8 સભ્યો અને પછીથી દર 3000 એ 2 સભ્યો ઉમેરવામાં આવે છે. |
| 7. | ચૂંટણી | ચૂંટણી દર 5 વર્ષે યોજવામાં આવે છે. |
| | | પુનઃ રચના માટે ચૂંટણીની મુદત પુરી થાય તે પહેલાના 2 મહિનાની અંદર અને મુદત પુરી થાય તે પછીના 15 દિવસ સુધીના સમય દરમિયાન યોજવામાં આવે છે. |
| | | જ્યારે પંચાયતનું વિસર્જન થાય ત્યારે વધુમાં વધુ 6 મહિનાની અંદર ચૂંટણી યોજવાનું ફરજિયાત છે. વિસર્જિત પંચાયતની મુદ્દત બાકી રહેલા સમય પૂરતી જ હોય છે. |
| | | બિનહરીફ ચૂંટાયેલ સભ્ય પંચાયતની પ્રથમ સભાના દિવસથી પંચાયતનો સભ્ય ગણવામાં આવશે. નવી રચાયેલ પંચાયતી મુદ્દત વિસર્જિત પંચાયતના બાકી રહેલા સમય પૂરતી જ રહેશે. પરંતુ જો ગ્રામ પંચાયતની મુદતમાં 6 મહિનાથી ઓછો સમય બાકી રહ્યો હોય તો ચૂંટણી કરવાની જરૂર રહેશે નહિ. ગ્રામ પંચાયતની મુદ્દત ગ્રામ પંચાયતની પ્રથમ બેઠક મળ્યેથી ગણાશે. |

DEMO COPY

**શરૂઆત** :- ઓક્ટોબર 2001 થી ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી.

**હેતુ** :– ગ્રામવાસીઓ એકઠા મળી સંપ અને સુલેહથી ગામનો વહીવટ કરે તે માટે સરપંચ તથા ગ્રામ પંચાયતના અન્ય હોદ્દેદારોની પસંદગી બિનહરીફ ધોરણે થવી જોઈએ.

→ સી. સી. રોડ તેમજ સ્ટ્રીટ લાઈટનો લાભ ગ્રામ પંચાયતનો એક જ વખત મળશે. બીજી વાર સમરસ ગ્રામ પંચાયત જાહેર થતાં પ્રથમ વખતની ગ્રાન્ટની રકમની 25% વધુ રકમની ગ્રાન્ટ તેમ જ સી.સી. રોડ જેવી વધારાની માળખાગત સુવિધા આપવામાં આવે છે. ત્રીજી વાર સમરસ ગ્રામ પંચાયત જાહેર થતાં બીજી વખતની ગ્રાન્ટની રકમની 25% વધુ રકમની ગ્રાન્ટ વિકાસનાં કામો માટે આપવામાં આવે છે.

| સામાન્ય સમરસ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વસતી | પ્રથમ વખત સામાન્ય સમરસ બને તો | સતત બીજી વખતની ચૂંટણીમાં સામાન્ય સમરસ | સતત ત્રીજી વખતની ચૂંટણીમાં સામાન્ય સમરસ બને તો | સતત ચોથી વખતની ચૂંટણીમાં સામાન્ય સમરસ બને તો |
| 1. | 5000 સુધી | ₹ 2,00,000 ધોરણ– 8 ની સગવડ આપવી. | ₹ 2,50,000 (સી.સી. રોડ માટે રૂા. બે લાખ) | ₹ 3,12,500/- (સોલાર લાઈટ માટે રૂા. ત્રણ લાખ) | ₹ 3,50,000/- |
| 2. | 5000 થી ઉપર | ₹ 3,00,000 ધોરણ– 8 ની સગવડ આપવી. | ₹ 3,75,000 (સી.સી. રોડ માટે રૂા. બે લાખ) | ₹ 4,68,750/- (સોલાર લાઈટ માટે રૂા. ત્રણ લાખ) | ₹ 5,00,000/- |

| મહિલા સમરસ | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વસતી | પ્રથમ વખત સામાન્ય સમરસ બને તો | સતત બીજી વખતની ચૂંટણીમાં સામાન્ય સમરસ | સતત ત્રીજી વખતની ચૂંટણીમાં સામાન્ય સમરસ બને તો | સતત ચોથી વખતની ચૂંટણીમાં સામાન્ય સમરસ બને તો |
| 1. | 5000 સુધી | ₹ 3,00,000/- ધોરણ– 8 ની સગવડ આપવી. | ₹ 3,75,000 (સી.સી. રોડ માટે રૂા. બે લાખ) | ₹ 4,68,750/- (સોલાર લાઈટ માટે રૂા. ત્રણ લાખ) | ₹ 5,00,000/- |
| 2. | 5000 થી ઉપર | ₹ 5,00,000/- ધોરણ– 8 ની સગવડ આપવી. | ₹ 6,25,000 (સી.સી. રોડ માટે રૂા. બે લાખ) | ₹ 7,81,250/- (સોલાર લાઈટ માટે રૂા. ત્રણ લાખ) | ₹ 8,00,000/- |

DEMO COPY

# 9

# ન્યાય પંચાયત અને ગ્રામ ન્યાયાલય

(Nyay Panchayat & Village Court)

## ન્યાય પંચાયત

ગ્રામ પંચાયતની સમયાંતરે ન્યાય પંચાયતનું મહત્વ પણ વૈદિકકાળથી જોવા મળે છે. **મનુસ્મૃતિ**માં ન્યાય પંચાયતનો ઉલ્લેખ જોવા મળે છે. તે સમયે ન્યાય પંચાયતને **કુલ, શ્રેણી, યુવા** વગેરે નામથી ઓળખતા હતા.

→ ઈ.સ. 1974 ના અંત સુધીમાં ભારતના મોટા ભાગના રાજ્યોમાં ન્યાય પંચાયતની કાયદાકીય રીતે સ્થાપના થઈ ચૂકી હતી.પરંતુ ન્યાય પંચાયતનું કાર્યક્ષેત્ર ઘણું જ મર્યાદિત હતું. જેમાં ફકત નાના દીવાની તથા ફોજદારી કેસો જ ચલાવવામાં આવતા હતા. જેમાં અપરાધીને ફકત નાણાકીય દંડ કરવામાં આવતો.

→ ન્યાય પંચાયતમાં ન્યાયનું કાર્ય કરી શકે તેવા કાયદાના સિદ્ધાંત અને પ્રબંધોની જાણકારી ધરાવતા સભ્યોનો અભાવ હોવાથી તથા ગામડાંઓમાં (જાતિ, ધર્મ) જૂથો હોવાના કારણે ન્યાય પંચાયતમાં ચૂંટાયેલા સભ્યો યોગ્ય ન્યાય કરી શકતા નહોતા. આ બધા કારણોથી ન્યાયપંચાયત નિષ્ફળ ગયું.

→ ન્યાય પંચાયતને '**અદાલતી પંચાયત**' પણ કહેવામાં આવે છે. ગામમાં થતા નાના ઝઘડાઓના ઝડપી સમાધાન લાવવા તેની સ્થાપના કરવામાં આવે છે.

**નોંધ**

- **ન્યાય પંચાયતનો ઉલ્લેખ બંધારણમાં જોવા મળતો નથી. તેની રચના કરવી ફરજિયાત નથી.**
- **બિહાર, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ રાજ્યમાં 73માં બંધારણીય સુધારા બાદ ન્યાય પંચાયત અસ્તિત્વમાં છે.**

DEMO COPY

▪ **ન્યાય પંચાયતના સુધારા**

ન્યાય પંચાયતની ખામીઓ નિવારવા માટે **ઝીણાભાઈ દરજી સમિતિએ,** 1972 માં અમુક ભલામણો કરી જે મુજબ દરેક ગ્રામ માટે ન્યાય પંચાયતની રચના કરવી, અને ન્યાય પંચાયતમાં એક વ્યકિત અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની હોવી જોઈએ.

→ ન્યાય પંચાયતમાં એક સભ્ય તાલુકા પંચાયતનો અને એક સભ્ય ગ્રામ પંચાયતનો હોવો જોઈએ.

→ તાલુકા પંચાયતનો સભ્ય ઓછામાં ઓછું ધોરણ-10 સુધી ભણેલો હોવો જોઈએ.

→ સમાધાન પંચની નિમણૂક કાયદાકીય રીતે થવી જોઈએ.

→ દીવાની દાવાઓના કેસમાં તેના ઉકેલ માટે સમાધાનપંચની નિમણૂક કરવી જોઈએ. સમાધાનપંચ ત્રણ સભ્યોનું બનશે. સમાધાનપંચના અધ્યક્ષ તરીકે પંચાયતનો એક કાયમી સભ્ય નીમવામાં આવશે અને બીજા બે સભ્યોને વિવાદનો દરેક પક્ષકાર તરફથી એક-એક સભ્ય નીમશે.

→ તાલુકા વિકાસ અધિકારી દ્વારા એક કલાર્કને સમાધાનપંચના અધ્યક્ષના સેક્રેટરી તરીકે નીમશે.

# 10 તાલુકા પંચાયત
(Taluka Panchayat)

## પ્રસ્તાવના

સ્થાનિક સ્વરાજની સંસ્થામાં દ્વિતીય સ્તર તાલુકા પંચાયતનું હોય છે. તાલુકા પંચાયત એ જિલ્લા પંચાયત માટે અમલીકરણીય સંસ્થા અને ગ્રામ પંચાયતની માર્ગદર્શક તરીકે કાર્ય કરે છે. તાલુકા પંચાયતની જોગવાઈ ગુજરાત પંચાયત અધિનિયમ 1993 ના પ્રકરણ-4 માં દર્શાવવામાં આવી છે. બળવંતરાય મહેતા સમિતિના અહેવાલ મુજબ 20 લાખથી વધુ વસ્તી ધરાવતા રાજ્યોમાં તાલુકા પંચાયતની રચના થાય છે. આ સમિતિએ તાલુકા પંચાયત માટે પંચાયત સમિતિ શબ્દનો ઉપયોગ કર્યો હતો.

**તાલુકા પંચાયત**

| ક્રમ | વિગત | વિશેષ |
|---|---|---|
| 1. | રચના | 1 લાખની વસ્તી સુધી 16 સભ્યો પછી થી દર 25,000 ની વસ્તીએ 2 સભ્યો વધારવાના રહેશે. મહત્તમ સભ્ય સંખ્યા 32 છે. જે વિકાસ કમિશ્નર દ્વારા નક્કી થશે. (નવા સુધારા 2014 પ્રમાણે) |
| 2. | વડા | તાલુકા પ્રમુખ |
| 3. | વહીવટી વડા | તાલુકા વિકાસ અધિકારી |
| 4. | અનામત | તાલુકા પંચાયતમાં 50% બેઠકો સ્ત્રી માટે, ST/SC વસ્તી મુજબ બેઠકોની અનામત, SEBC ને 10% બેઠકો અનામત |
| | | પ્રમુખની બેઠક માટે મહિલાઓ, ST/SC અને SEBC માટે રોટેશન પદ્ધતિ અપનાવવામાં આવે છે. |
| 5. | અનામત બેઠકોની ફાળવણી | વિકાસ કમિશ્નર |
| 6. | ચૂંટણી | ચૂંટણી **દર પાંચ વર્ષે** યોજવામાં આવે છે. |
| | | પુનઃરચના માટે ચૂંટણીની મુદત પૂરી થાય તે પહેલાના બે મહિનાની અંદર અને મુદત પૂરી થાય તે પછીના 15 દિવસ સુધીના સમય દરમિયાન યોજવામાં આવે છે. |
| | | જ્યારે પંચાયતનું વિસર્જન થાય ત્યારે વધુમાં વધુ 6 મહિનાની અંદર ચૂંટણી યોજવી ફરજિયાત છે. |
| | | જ્યારે ચૂંટણીમાં સરખા મતની સ્થિતિ સર્જાય ત્યારે ચિઠ્ઠી ઉપાડીને પરિણામ જાહેર કરવામાં આવે છે. |
| | | તાલુકા પંચાયતની ચૂંટણીનું આયોજન રાજ્ય ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવે છે. |
| | | ચૂંટણીની તારીખ પણ રાજ્ય ચૂંટણીપંચ જ નક્કી કરે છે. |
| | | ચૂંટણી સીધી કે પરોક્ષ રીતે થાય તાલુકા પંચાયતની ચૂંટણીને પક્ષાંતર ધારો લાગુ પડે છે. એટલે કે તેમની ચૂંટણી પક્ષીય રીતે થાય છે. |

DEMO COPY

3. **પદનિમિત્ત સભ્ય (કાયમી નિમંત્રિત સભ્ય) :** પદનિમિત્ત સભ્યોમાં નીચેનો સમાવેશ થાય છે:

(1) તાલુકામાંથી ચૂંટાયેલા જિલ્લા પંચાયતના સભ્યો

(2) તાલુકામાંના સરપંચો અથવા તેમણે પોતાનામાંથી ચૂંટેલા સરપંચ પ્રતિનિધિઓ

(3) તાલુકા પંચાયત વિસ્તારનાં રહેવાસી હોય તેવા લોકસભાના સભ્ય

(4) તાલુકા પંચાયત વિસ્તારનાં રહેવાસી હોય તેવા ગુજરાત વિધાનસભાનાં સભ્યો


(5) તાલુકા પંચાયત વિસ્તારનાં જે રહેવાસી હોય તેવા રાજ્યસભાના સભ્ય

(6) તાલુકા પંચાયત વિસ્તારનાં જે રહેવાસી હોય તેવા વિધાન પરિષદના સભ્ય

**ગુજરાત :** તાલુકા પંચાયતમાં પદ નિમિત સભ્ય, વિધાન સભ્ય મિટિંગમાં મત આપવાનો અધિકાર નથી. ગુજરાતમાં સરપંચોને તાલુકા પંચાયતમાં સ્થાન આપ્યું નથી.

4. **નિયુક્ત સભ્યો :** ભારતનાં અરુણાચલ પ્રદેશ રાજ્યમાં જ નિયુક્ત સભ્ય જોવા મળે છે. અહીંની તાલુકા પંચાયતમાં બે પ્રકારના નિયુક્ત સભ્ય જોવા મળે છે.

આ રાજ્યની ખાસ ભૌગોલિક પરિસ્થિતિનાં કારણે જ નિયુક્ત સભ્ય પદની જોગવાઈ કરવામાં આવી છે.




DEMO COPY

→ તાલુકામાં કોઈપણ મતદાર મંડળમાંથી ચૂંટાયેલા વિધાનસભાના સભ્યો તાલુકા પંચાયતમાં કાયમી આમંત્રિત સભ્યો ગણાશે. તેમને મત આપવાનો કે પ્રશ્ન પૂછવાનો અધિકાર નથી. જ્યારે તેઓ વિધાનસભાનું પદ ગુમાવશે અથવા તો રાજીનામું આપશે તો તાલુકા પંચાયતનું સભ્યપદ પણ ગુમાવશે.

**પદનિમિત્ત સભ્ય :**

1. જિલ્લા પંચાયતનો મોટાભાગનો વિસ્તાર જેના મતદાર ક્ષેત્રમાં આવતો હોય તેવા લોકસભાના સભ્ય અને વિધાનસભ્ય.
2. જિલ્લા પંચાયતના વિસ્તારના જે રહેવાસી હોય તેવા રાજ્યસભાના સભ્ય અને વિધાન પરિષદના સભ્ય
3. જિલ્લામાંના તાલુકા પંચાયતના પ્રમુખો અથવા તેમણે ચૂંટેલા પ્રમુખ પ્રતિનિધિઓ

→ લોકસભા, વિધાનસભા, રાજ્યસભા, વિધાનપરિષદ અને જિલ્લા પંચાયતના આમંત્રિત સભ્યોને મત આપવાનો અધિકાર નથી.

→ તાલુકા પંચાયતના સભ્યો પોતાનું રાજીનામું પ્રમુખને આપશે. સભ્ય જે તારીખે પ્રમુખને રાજીનામું આપશે તે તારીખથી તેનું પદ ખાલી ગણાશે.

→ પ્રમુખ તથા ઉપપ્રમુખના લેખિત રાજીનામાનો સ્વીકાર ન થયો હોય તો રાજીનામું પાછું ખેંચી શકાય છે.

→ **19 જાન્યુઆરી,** 1987 થી તાલુકા પંચાયતની ચૂંટણી પક્ષીય ધોરણે થાય છે તેથી તાલુકા પંચાયતને પક્ષાંતર ધારો લાગુ પડે છે.

# 11

# જિલ્લા પંચાયત

(District Panchayat)

## પ્રસ્તાવના

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં ત્રીજા અને સૌથી ઉપરનું સ્તર જિલ્લા પંચાયતનું હોય છે. સરકારી યોજનાઓનું સંકલન અને અમલ જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવે છે. જિલ્લા પંચાયત એ ત્રણેય સ્તરની મુખ્ય અને સંકલન કરનાર કાર્ય સંસ્થા છે.

**જિલ્લા પંચાયત (ગુજરાત પંચાયત અધિનિયમ,1993 મુજબ)**

| ક્રમ | વિગત | વિશેષ |
|---|---|---|
| 1. | **રચના** | **4 લાખની વસ્તી** સુધી 18 સભ્યો અને પછીથી દર 1 લાખની વસ્તીએ 2 સભ્યો ઉમેરાય. મહત્તમ સભ્યોની સંખ્યા 52 છે.<br>નોંધઃ – મેઘાલય, મિઝોરમ, દિલ્હી, ચંદીગઢ, નાગાલેન્ડ માં જિલ્લા પંચાયતની રચના કરવામાં આવી નથી. |
| 2. | **વડા** | જિલ્લા પ્રમુખ |
| 3. | **વહીવટી વડા** | જિલ્લા વિકાસ અધિકારી. (D.D.O) |
| 4. | **અનામત** | જિલ્લા પંચાયતમાં 50% બેઠકો સ્ત્રીઓ માટે, ST/SC વસ્તી મુજબ બેઠકોની અનામત, SEBC ને 10% બેઠકો અનામત |
| | | પ્રમુખની બેઠક માટે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલાઓ માટે રોટેશન પદ્ધતિથી અનામત રાખવામાં આવે છે. |
| 5. | **ચૂંટણી** | ચૂંટણી દર પાંચ વર્ષે યોજવામાં આવે છે. |
| | | સમગ્ર જિલ્લાની વસ્તીને સરખા પ્રમાણમાં વહેંચી મતદાર વિસ્તારની રચના કરવામાં આવે છે. પ્રત્યેક મતદાર વિસ્તારમાં એક સભ્ય ચૂંટાય છે. |
| | | ચૂંટાવા માટેની **વય મર્યાદા 21 વર્ષ** નક્કી કરવામાં આવી છે. |
| | | પુનઃરચના માટે ચૂંટણીની મુદત પૂરી થાય તે પહેલાના બે મહિનાની અંદર અને મુદત પૂરી થાય તે પછીના 15 દિવસ સુધીના સમય દરમિયાન યોજવામાં આવે છે. |
| | | જ્યારે પંચાયતનું વિસર્જન થાય ત્યારે વધુમાં વધુ 6 મહિનાની અંદર ચૂંટણી યોજવી ફરજિયાત છે. |
| | | જ્યારે ચૂંટણીમાં સરખા મતની સ્થિતિ સર્જાય ત્યારે ચિઠ્ઠી ઉપાડીને પરિણામ જાહેર કરવામાં આવે છે. |
| | | જિલ્લા પંચાયતની ચૂંટણીનું આયોજન રાજ્ય ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવે છે. |
| | | ચૂંટણીની તારીખ પણ રાજ્ય ચૂંટણીપંચ જ નક્કી કરે છે. |
| 6. | **અનામત બેઠકની ફાળવણી** | વિકાસ કમિશ્નર |

DEMO COPY

| ગુજરાત પંચાયત અધિનિયમ,1993 અનુસાર | | | |
|---|---|---|---|
| **વિગત** | **ગ્રામ પંચાયત** | **તાલુકા પંચાયત** | **જિલ્લા પંચાયત** |
| **સભ્ય સંખ્યા** | 8 થી 16 | 16 થી 32 | ઓછામાં ઓછા 18 |
| **વસતી** | 3000 થી 25000 | 1 લાખ | 4 લાખ |
| **સભ્ય સંખ્યામાં વધારો** | દર 3000 ની વસ્તીએ 2 સભ્યો ઉમેરવામાં આવે | દર 25000 ની વસ્તીએ 2 સભ્યો ઉમેરવામાં આવે | દર 1 લાખની વસ્તીએ 2 સભ્યો ઉમેરવામાં આવે |
| **વડા** | સરપંચ | તાલુકા પ્રમુખ | જિલ્લા પ્રમુખ |
| **વહીવટી વડા** | તલાટી–કમ–મંત્રી | તાલુકા વિકાસ અધિકારી | જિલ્લા વિકાસ અધિકારી |
| **અનામત OBC** | 10% | 10% | 10% |
| **અનામત SC/ST** | વસ્તી આધારે | વસ્તી આધારે | વસ્તી આધારે |
| **અનામત મહિલા** | 50% | 50% | 50% |
| **અનામત બેઠકોની ફાળવણી** | કલેક્ટર | વિકાસ કમિશનર | વિકાસ કમિશનર |
| **ચૂંટણી** | રાજ્ય ચૂંટણી પંચ | રાજ્ય ચૂંટણી પંચ | રાજ્ય ચૂંટણી પંચ |
| **ચૂંટણી તારીખ કોણ નક્કી કરે છે?** | રાજ્ય ચૂંટણી પંચ | રાજ્ય ચૂંટણી પંચ | રાજ્ય ચૂંટણી પંચ |
| **ઉમેદવારીની ઉમર** | 21 વર્ષ | 21 વર્ષ | 21 વર્ષ |
| **ચૂંટણી કઈ તારીખે કરવી** | પંચાયતની મુદત જે તારીખે પૂર્ણ થાય છે તે તારીખના 2 મહિના પહેલા અને મુદત પૂરી થયાના 15 દિવસ સુધીના સમય દરમિયાન યોજવામાં આવે છે. | પંચાયતની મુદત જે તારીખે પૂર્ણ થાય છે તે તારીખના 2 મહિના પહેલા અને મુદત પૂરી થયાના 15 દિવસ સુધીના સમય દરમિયાન યોજવામાં આવે છે. | પંચાયતની મુદત જે તારીખે પૂર્ણ થાય છે તે તારીખના 2 મહિના પહેલા અને મુદત પૂરી થયાના 15 દિવસ સુધીના સમય દરમિયાન યોજવામાં આવે છે. |
| **પ્રથમ બેઠકની તારીખ કોણ નક્કી કરે છે.** | તાલુકા વિકાસ અધિકારી | જિલ્લા વિકાસ અધિકારી | વિકાસ કમિશનર |
| **પ્રથમ બેઠકમાં પ્રમુખ કોણ નક્કી કરે** | તાલુકા વિકાસ અધિકારી | જિલ્લા વિકાસ અધિકારી | વિકાસ કમિશનર |
| **પ્રથમ બેઠક કેટલાં સમયમાં બોલવવી** | 4 અઠવાડિયા | 4 અઠવાડિયા | 4 અઠવાડિયા |
| **પ્રથમ બેઠકમાં કામગીરી** | ઉપસરપંચની પસંદગી | તાલુકા પ્રમુખ, ઉપપ્રમુખની પસંદગી | જિલ્લા પ્રમુખ, ઉપપ્રમુખની પસંદગી |
| **ઉપસરપંચ, પ્રમુખ, ઉપપ્રમુખની પસંદગી સરખા મત પડે તો** | ચિઠ્ઠી ઉપાડીને (10 વર્ષથી નાના બાળક પાસેથી) | ચિઠ્ઠી ઉપાડીને (10 વર્ષથી નાના બાળક પાસેથી) | ચિઠ્ઠી ઉપાડીને (10 વર્ષથી નાના બાળક પાસેથી) |

DEMO COPY

| | | |
|---|---|---|
| 14. | 243(ZC) or (વગ) | અમુક ક્ષેત્રો પર જોગવાઈ લાગુ ન થવા બાબત. |
| 15. | 243(ZD) or (વઘ) | જીલ્લા આયોજન સમિતિ |
| 16. | 243(ZE) or (વચ) | મહાનગરીય / મેટ્રોપોલિટન આયોજન સમિતિ |
| 17. | 243(ZF) or (વછ) | રાજ્યના વર્તમાન કાયદાઓ અને નગરપાલિકાઓ અંગેની જોગવાઈ |
| 18. | 243(ZG) or (વજ) | ચૂંટણી સંબંધિત બાબતોમાં ન્યાયાલય હસ્તક્ષેપ નહીં કરી શકે. |

- **નગરપાલિકા સંબંધિત મહત્વના અનુચ્છેદો**

**(1) 243(P) : વ્યાખ્યાઓ (Definitions) :**


- **243P (c) : મેટ્રોપોલિટન વિસ્તાર (Metropolitan Area) :**
  → એક કે વધુ જિલ્લાનો બનેલો અને બે કે વધુ નગરપાલિકાઓ અથવા પંચાયતો વાળો દસ લાખ કે તેથી વધુ વસ્તીવાળો વિસ્તાર અથવા, રાજ્યપાલે જાહેરનામા દ્વારા આ ભાગના હેતુઓ માટે મેટ્રોપોલિટન વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરેલ અન્ય સંલગ્ન વિસ્તારો.
- **243P (d) : નગરપાલિકા ક્ષેત્ર (Municipal Area) :**
  → રાજ્યપાલે જાહેર કર્યા પ્રમાણે નગરપાલિકાનો પ્રાદેશિક વિસ્તાર.
- **243P (e) : નગરપાલિકા (Municipality) :**
  → અનુચ્છેદ 243 (Q) હેઠળ રચાયેલ સ્વરાજ્ય સંસ્થા.

**(2) 243(Q) : નગરપાલિકાઓની રચના (Constitution of Municipalities) :**

અનુચ્છેદ 243(P) (e) માં નગરપાલિકા (Municipality) એટલે અનુચ્છેદ 243(Q) માં દર્શાવેલ નગર પંચાયત [અનુચ્છેદ 243(Q) (a)], નગરપાલિકા પરિષદ [અનુચ્છેદ 243(Q) (b)] અને મહાનગરપાલિકા [અનુચ્છેદ 243(Q) (c)] જેવી સ્વરાજ્ય સંસ્થા.

→ અનુચ્છેદ 243(Q) નીચે મુજબના ત્રણ પ્રકારોમાં નગરપાલિકાઓની દરેક રાજ્યમાં રચના કરવાનું સૂચવે છે.

DEMO COPY



# 14 નગર પંચાયત અને નગરપાલિકા
(Nagar Panchayat & Municipality)

## નગર પંચાયત (Nagar Panchayat)

નગર શાસન વ્યવસ્થાનો સૌથી નાનો એકમ નગર પંચાયત છે. ગ્રામ્ય વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં પરિવર્તિત થયેલા નાના શહેરોને રાજ્યપાલ નગર પંચાયતનો દરજ્જો આપે છે. તેની રચના અનુચ્છેદ 243(Q) મુજબ કરવામાં આવે છે.

→ નગર પંચાયતને બે પ્રકારના ક્ષેત્રોના વહીવટ માટે બનાવવામાં આવે છે. ઔદ્યોગિકરણને લીધે વિકાસશીલ ક્ષેત્ર અને એવા ક્ષેત્રો કે જેમણે નગરપાલિકા બનવાની જરૂરી શરતો પૂર્ણ કરી ન હોય પરંતુ રાજ્ય સરકાર મુજબ તે મહત્વપૂર્ણ હોય.

→ આને સરકારના રાજપત્ર (Gazette) દ્વારા જાહેર કરવામાં આવે છે. તેમાં રાજ્ય નગરપાલિકા એકટના એ જ વિષયો લાગુ કરવામાં આવે છે જેનો રાજ્યપત્રમાં ઉલ્લેખ હોય.

→ સામાન્ય રીતે **11,000** થી **25,000** ની વસ્તીવાળા નગરમાં નગર પંચાયત રચાય છે. (જે વિસ્તારોની વસ્તી 25,000 થી વધુ હોય તો રાજ્યપાલ ગામની ગ્રામપંચાયતને નગરપંચાયતનો દરજ્જો આપી શકે છે.)

→ નગર પંચાયત માટે વસ્તીનું પ્રમાણ 25,000 થી 1,00,000 સુધી છે. નગર પંચાયતમાં 15 થી 31 સભ્યો હોય છે.

→ નગર પંચાયતની ચૂંટણી અનુચ્છેદ-243Z(A) મુજબ રાજ્ય ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવે છે. નગર પંચાયતના સભ્યો (વોર્ડમાંથી ચૂંટાયેલા સભ્યો) ની ચૂંટણી પ્રત્યક્ષ રીતે થાય છે. જ્યારે પ્રમુખ (નગર પંચાયતના ચૂંટાયેલા સભ્યોમાંથી)ની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે. પ્રથમ બેઠકમાં નગર પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી થાય છે. નગર પંચાયતની મુદત પ્રથમ બેઠક મળ્યાની તારીખથી 5 વર્ષની હોય છે. નગર પંચાયત અનુચ્છેદ-243(Q) મુજબ કાર્યો કરે છે.

→ નગર પંચાયતમાં અધ્યક્ષ, વોર્ડમાંથી ચૂંટાયેલા સભ્યો અને વહીવટી અધિકારીઓનો સમાવેશ થાય છે.

→ નગર પંચાયતના વહીવટી વડા ચીફ ઓફીસર કહેવાય છે.

**નોંધ :– હાલ ગુજરાતમાં નગર પંચાયત અસ્તિત્વમાં નથી.**

## નગરપાલિકાઓ (Municipalities)

જેમ ગ્રામીણ ક્ષેત્રોમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તરીકે 'પંચાયતો' આવેલી છે તેમ શહેરી ક્ષેત્રોમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ તરીકે 'નગરપાલિકાઓ' આવેલી છે.

→ નાના શહેરોમાં નગરપાલિકાની જોગવાઈ કરવામાં આવી છે.

→ સામાન્ય રીતે **1,00,000** થી વધુ વસ્તી ધરાવતા વિસ્તાર નગરપાલિકા તરીકે ઓળખાય છે.

→ નગરપાલિકાના વડાને **પ્રમુખ** તરીકે ઓળખવામાં આવે છે. નગરપાલિકાના વહીવટી વડા **ચીફ ઓફીસર** કહેવાય છે.

→ નગરપાલિકાની સભ્ય સંખ્યા **ઓછામાં ઓછી 27** અને **વધુમાં વધુ 51** હોય છે.

→ છેલ્લી વસ્તી ગણતરીના આધારે તૈયાર થયેલી મતદારયાદી મુજબ, રાજ્ય ચૂંટણીપંચની દેખરેખમાં જિલ્લા કલેકટર તથા પ્રાંત ઓફિસર દ્વારા પુખ્તવય મતાધિકારના ધોરણે પ્રત્યક્ષ ચૂંટણી કરવામાં આવે છે.

**નોંધ :– ગુજરાતમાં 159 નગરપાલિકાઓ આવેલી છે.**

DEMO COPY

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ મહાનગરપાલિકા | રાજકોટ મહાનગરપાલિકા | સુરત મહાનગરપાલિકા | વડોદરા મહાનગરપાલિકા |
| જામનગર મહાનગરપાલિકા | ભાવનગર મહાનગરપાલિકા | જૂનાગઢ મહાનગરપાલિકા | ગાંધીનગર મહાનગરપાલિકા |

- **ચૂંટણી**

ગ્રામ પંચાયતની ચૂંટણીની જેમ જ અહીં પણ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા મતદારયાદીમાં નામ હોય તેવા મતદાતા ચૂંટણીમાં મત આપે છે. મહાનગરપાલિકાની મુદ્દત **5 વર્ષ**ની હોય છે તે પહેલા પણ વિસર્જન કરી શકાય છે. વિસર્જન પછી **6 માસ**માં ચૂંટણી કરાવવી ફરજિયાત છે.

→ મહાનગરપાલિકાની ચૂંટણીઓ રાજ્ય ચૂંટણી પંચ કરાવે છે. મહાનગરપાલિકાના સભ્યો (કોર્પોરેટર) ની ચૂંટણી પ્રત્યક્ષ રીતે થાય છે જ્યારે પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી પ્રથમ બેઠકમાં પરોક્ષ રીતે થાય છે. મહાનગરપાલિકામાં જો પ્રાસંગિક ખાલી જગ્યા પડે તો ખાલી પડયાની તારીખથી **3 મહિનામાં** ચૂંટણી કરાવવી પડે પણ જો જગ્યા ખાલી પડયાની તારીખથી **6 મહિનામાં** સામાન્ય ચૂંટણી થવાની હોય તો ચૂંટણી કરવામાં નહિ આવે.

→ મહાનગરપાલિકાના સભ્ય બનવા માટે લઘુત્તમ ઉંમર ઉમેદવારી ભરવાની છેલ્લી તારીખે **21 વર્ષ**ની હોવી જોઈએ. મહાનગરપાલિકા બંધારણની **અનુસૂચિ** - 12 માં આવેલા **18 વિષયો** માટે કાર્ય કરે છે.

→ ડિસેમ્બર, 2010મા ભારતમાં સૌપ્રથમ સુરત મહાનગરપાલિકામાં ઈ - વોટીંગ (ઈ - મેઈલ દ્વારા)ની શરૂઆત થઈ હતી.

- **બેઠક**

ચૂંટણીઓ પછીની કોર્પોરેશનની પ્રથમ બેઠકની તારીખ અને સ્થળ મ્યુનિસિપલ કમિશનર નક્કી કરે છે. મહાનગરપાલિકાના સભ્યોને કોર્પોરેટર તરીકે ઓળખવામાં આવે છે.

→ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી પછીની પ્રથમ બેઠકમાં પ્રમુખ/મેયર તથા ઉપપ્રમુખ/ડેપ્યુટી મેયરની ચૂંટણીનું જ કાર્ય કરાવવામાં આવે છે. પ્રમુખ તથા ઉપપ્રમુખની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે. મેયર તથા નાયબ મેયરનો કાર્યકાળ પૂર્ણ થયા પછીની પ્રથમ બેઠકમાં કાઉન્સિલરોમાંથી મેયર તથા નાયબ મેયરને ચૂંટવામાં આવે છે.

→ પ્રથમ બેઠક મળ્યાને તારીખથી મેયર તથા ડેપ્યુટી મેયરનો કાર્યકાળ **2.5 વર્ષ** નો હોય છે જ્યારે સભ્યોનો કાર્યકાળ **5 વર્ષ**નો હોય છે.

→ કોર્પોરેટરોની બેઠકમાં મેયર અધ્યક્ષનું સ્થાન લે છે. મેયર કોઈ પણ કારણોસર ગેરહાજર હોય તો નાયબ મેયર અધ્યક્ષ સ્થાન સંભાળશે તથા પ્રમુખ કે ઉપપ્રમુખ બંને કોઈપણ કારણોસર ગેરહાજર હોય તો સભ્યો નક્કી કરે તે અધ્યક્ષ સ્થાન સંભાળશે.

DEMO COPY

| | | | | | |
|---|---|---|---|---|---|
| **અન્ય સમિતિ** | નગર પાલિકા/ મહાનગર પાલિકા | - | - | - | જરૂર જણાય તો |

| **નગરપાલિકાનું બંધારણ** | | | |
|---|---|---|---|
| **નગરપાલિકાનો પ્રકાર** | **વસતી** | **વડા** | **વહીવટી વડા** |
| નગરપંચાયત | 11000 થી 25000 | – | ચીફ ઓફિસર |
| નગરપાલિકા | 25000 થી વધુ | પ્રમુખ | ચીફ ઓફિસર |
| મહાનગરપાલિકા | 10 લાખ થી વધુ | મેયર | મ્યુનિસિપલ કમિશનર |

| **નગરપાલિકા અને મહાનગરપાલિકા** | | |
|---|---|---|
| **વિગત** | **નગરપાલિકા** | **મહાનગરપાલિકા** |
| સભ્ય સંખ્યા | ઓછામાં ઓછા 27 વધુમાં વધુ 52 | – |
| વસ્તી | 25,000 કે તેથી વધુ | 10,00,000 કે તેથી વધુ |
| વડા | પ્રમુખ | મેયર |
| વહીવટી વડા | ચીફ ઓફિસર | મ્યુનિસિપલ કમિશનર |
| સભ્યો | કાઉન્સિલર | કાઉન્સિલર |
| SC/ST | વસ્તીના પ્રમાણમાં | વસ્તીના પ્રમાણમાં |
| મહિલાઓ | 1/3 બેઠકો | 1/3 બેઠકો |
| OBC | રાજ્ય વિધાનમંડળ ઠરાવ કરે તો | રાજ્ય વિધાનમંડળ ઠરાવ કરે તો |
| ચૂંટણીનું આયોજન | રાજ્ય ચૂંટણીપંચ | રાજ્ય ચૂંટણીપંચ |
| ચૂંટણીની તારીખ | રાજ્ય ચૂંટણીપંચ | રાજ્ય ચૂંટણીપંચ |
| કાર્યકાળ | **પ્રમુખ :** 2.5 વર્ષ<br>**ઉપ પ્રમુખ :** 2.5 વર્ષ<br>**સભ્યો :** 5 વર્ષ | પ્રમુખ : 2.5 વર્ષ<br>ઉપ પ્રમુખ : 2.5 વર્ષ<br>સભ્યો : 5 વર્ષ |
| રાજીનામુ | **પ્રમુખ :** કલેક્ટર<br>**ઉપ પ્રમુખ :** નગરપાલિકાના પ્રમુખ<br>**સભ્યો :** નગરપાલિકાના પ્રમુખ | **પ્રમુખ :** મ્યુનિસિપલ કમિશનર<br>**ઉપ પ્રમુખ :** મેયર<br>**સભ્યો :** મેયર |
| ગણપૂર્તિ | 1/3 સભ્યો | 1/3 સભ્યો |

| **રાજીનામુ** | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **પંચાયત** | **પદાધિકારી** | **રાજીનામું કોને આપે** | **રાજીનામાં અંગે તકરાર** |
| 1. | **ગ્રામ પંચાયત** | સરપંચ | તાલુકા પંચાયત | નાયબ જિલ્લા વિકાસ અધિકારી (Dy.DDO) |
| | | ઉપસરપંચ | ગ્રામ પંચાયત | તાલુકા વિકાસ અધિકારી (TDO) |
| | | સભ્યો | સરપંચ | |

DEMO COPY

# 17

# પંચાયતોની જોગવાઈ (અનુસૂચિત વિસ્તારમાં વિસ્તરણ) (પેસા) (અધિનિયમ-1996)

(Panchayat Extention to the Scheduled Area (PESA) Act-1996)

## પ્રસ્તાવના

**73માં બંધારણીય સુધારાએ** પંચાયતોને બંધારણના **9મા ભાગમાં** સામેલ કર્યા. જે **24 એપ્રિલ 1993** એ અમલમાં આવી ગયો, પરંતુ 73માં બંધારણીય સુધારા અધિનિયમના **અનુચ્છેદ-243 (M)or(ત)** ની પેટા **કલમ-1** માં એવી જોગવાઈ છે કે આ 73મો બંધારણીય સુધારો દેશના **5મી અનુસૂચિમાં** આવેલ આદિવાસી બહુલ અનુસૂચિત વિસ્તારો અને આદિજાતિ વિસ્તારો (Scheduled Area & Scheduled Tribe Area) ને લાગુ પડશે નહિ.

→ પરંતુ આ જ અધિનિયમના **અનુ. 243 (M)or(ત) ની પેટા કલમ-4(B)** માં એવી જોગવાઈ કરવામાં કરવામાં આવે છે કે સંસદ એક નવો કાયદો બનાવીને નવા બનેલ કાયદાથી નિર્દેષ કરે તેવા અપવાદ અને સુધારાને આધીન રહીને 73માં બંધારણીય સુધારાની જોગવાઈઓને અનુસૂચિત ક્ષેત્ર અને આદિવાસી ક્ષેત્રોમાં લાગુ કરી શકે છે.

→ 73મો બંધારણીય સુધારો સમગ્ર ભારતમાં અનુસૂચિ 5 અને અનુસૂચિ 6 માં દર્શાવેલ સિવાયના વિસ્તારોમાં લાગુ થતા ભારતમાં અનુસૂચિત વિસ્તાર ધરાવતા કેટલાક રાજ્યોના પ્રમુખ નેતાઓ બંધારણના ભાગ 9ની જોગવાઈ ને પોતાના ક્ષેત્રોમાં પણ લાગુ કરવાની માંગ કરી રહયા હતા કે જેથી ત્યાં પણ પંચાયતી રાજ સંસ્થાઓ સ્થાપિત કરી શકાય. આ માંગણીઓને ધ્યાનમાં રાખીને ભારત સરકારના ગ્રામ વિકાસ મંત્રાલય દ્વારા બંધારણના ભાગ-9ની જોગવાઈઓના લાભોને આદિવાસીઓ સુધી પહોંચાડવા માટેના કાયદાની વિશિષ્ટ બાબતોની ભલામણ કરવા માટે સંસદ સભ્યો અને નિષ્ણાંતોની સમિતિની રચના વર્ષ 1994 માં કરવામાં આવી, જેના અધ્યક્ષ સાંસદ દિલીપસિંહ ભુરિયા હતા. તેથી આ સમિતિ ભુરિયા સમિતિ તરીકે પણ ઓળખાય છે.

DEMO COPY

## દિલીપસિંહ ભૂરીયા સમિતિ


દિલીપસિંહ ભૂરીયા

**22 સભ્યોની** બનેલી આ સમિતિની રચના કેન્દ્ર સરકાર દ્વારા **10 જૂન, 1994માં** બંધારણની **અનુસૂચિ 5 અને અનુસૂચિ 6** ના ક્ષેત્રમાં **ભાગ-1** ની જોગવાઈઓ કઈ રીતે લાગુ પાડવી તેના માટે કરવામાં આવી, જેનો રિપોર્ટ 17 જાન્યુઆરી, 1995 ના રોજ કેન્દ્ર સરકારને આપવામાં આવ્યો.

- **દિલીપસિંહ ભૂરીયા સમિતિની ભલામણો**

→ **અનુસૂચિ-5** અંતર્ગત કેન્દ્રમાં વડાપ્રધાનની અધ્યક્ષતા હેઠળ **'જનજાતિ સલાહકાર પરિષદ'** રચવી. તેવીજ રીતે રાજ્યો (આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, હિમાચલપ્રદેશ, ઝારખંડ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓડિસા, રાજસ્થાન અને તેલંગણા)માં પણ મુખ્યમંત્રીની અધ્યક્ષતા હેઠળ 'જનજાતિ સલાહકાર પરિષદ'નું આયોજન કરવું જેની બેઠક દર **ત્રણ મહિને** મળે.

→ પંચાયતના દરેક સ્તરે આદિજાતિ માટે **50% થી વધુ નહીં** એટલી બેઠકો અનામત રાખવી જોઈએ.


→ પંચાયતની કુલ બેઠકના મહત્તમ 1/10 જેટલા સભ્યોની નિમણૂક રાજ્ય સરકાર દ્વારા તાલુકા અને જિલ્લા પંચાયતમાં આદિજાતિનું પ્રતિનિધિત્વ ન હોય તેવા વિસ્તારમાં કરવામાં આવશે.

# 18

# પંચાયતી રાજની સંસ્થાઓના અધિકારીઓ/કર્મચારીઓ

(Officers/Staff of Panchayati Raj Institutions)

## પંચાયતી રાજની સંસ્થાઓમાં સમાવિષ્ટ અધિકારીઓ




## ગ્રામ પંચાયતના કર્મચારીઓ

- **સરપંચ**

  પ્રકરણ–8 માં સમાવી લેવામાં આવ્યું છે.

- **તલાટી કમ મંત્રી**

  પ્રકરણ–8 માં સમાવી લેવામાં આવ્યું છે.




- **અન્ય કર્મચારીઓ**

  ચોકીદારો તથા પટાવાળા, સફાઈ કામદારો, ઢોર પુરવાના ડબ્બાવાળો, વોટર વર્કસ ઓપરેટર વગેરે

DEMO COPY

# 19 સ્થાનિય સ્વશાસન સંસ્થાઓ-એક વિશ્લેષણ

(Local Self Government Institutions-An Analysis)

## પરિચય

સ્થાનીય શાસન એ કેન્દ્રના અધિનિયમ દ્વારા સ્થાપવામાં આવેલ એક શાસકીય એજન્સી છે. જેમાં નગર કે ગામ જેવા વિસ્તારોની પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ હોય છે. જે પોતાના અધિકાર ક્ષેત્રની મર્યાદા અંતર્ગત પોતાના અધિકારોનો ઉપયોગ કરે છે.

→ સ્થાનીય સરકાર એક રાષ્ટ્ર કે રાજ્ય સરકારનો તે ભાગ હોય છે. જે મુખ્ય રૂપથી એવા વિષયો પર વિચાર કરે છે જેનો સંબંધ કોઈ વિશેષ જિલ્લો કે સ્થાનના લોકો સાથે હોય છે. આમ દરેક દેશની સરકારો પોતાની સ્થાનિક સમસ્યાઓના સમાધાન માટે સ્થાનિક સંસ્થાઓની સ્થાપના કરે છે.

## સ્થાનીય શાસનની વિશેષતાઓ

સ્થાનીય શાસનની વિશેષતાઓ નીચે મુજબ આપવામાં આવે છે.

- સરકાર વહીવટની સુવિધાની દ્રષ્ટિથી આ સંસ્થાઓને થોડાક અધિકારો હસ્તાંતરિત કરે છે.
- સ્થાનીય શાસનની વિભિન્ન સંસ્થાઓની સ્થાપના બંધારણ દ્વારા ન થઈને રાજ્ય સરકારના અધિનિયમ દ્વારા કરવામાં આવે છે.
- સ્થાનીય સંસ્થાઓના અધિકાર અને કાર્ય મર્યાદિત અને નિશ્ચિત હોય છે.
- સ્થાનીય સંસ્થાઓમાં સ્થાનીય પ્રજા દ્વારા પ્રત્યક્ષ રૂપથી અથવા તેના પ્રતિનિધિના માધ્યમથી ચલાવવામાં આવે છે.
- સ્થાનીય સંસ્થાઓમાં જોડાયેલા ક્ષેત્રોની પ્રજામાં સામુદાયિક ભાવના બની રહે છે.
- સ્થાનીય સંસ્થાઓનું શાસન કેન્દ્રીય અથવા પ્રાંતીય અધિકારીઓ દ્વારા ચલાવવામાં આવે છે. જેમ કે, પંચાયત સમિતિના પ્રમુખ સ્થાનીય શાસન અંતર્ગત આવે છે.
- સરકારનો ઉદ્દેશ્ય સ્થાનીય વહીવટ પર સ્થાનીય સ્વશાસનનું નિયંત્રણ સ્થાપિત કરી વિકેન્દ્રીકરણની ભાવનાને સાકાર કરવાનો છે.

## સ્થાનિક સંસ્થાઓના કાર્યો

જે રીતે અલગ અલગ દેશમાં સ્થાનીય સંસ્થાઓનું સ્વરૂપ અલગ અલગ હોય છે. તે જ રીતે તેમના કાર્યો પણ અલગ અલગ હોય છે તે સ્થાનીય સંસ્થાઓની પરિસ્થિતિઓ પર નિર્ભર હોય છે.

→ સ્થાનીય સંસ્થાઓના કાર્યો કેન્દ્રીય, પ્રાંતીય તથા સ્થાનીય સરકારોની વચ્ચે થયેલ કાર્ય વહેંચણી પર નિર્ભર કરે છે. સ્થાનીય સંસ્થાઓના કાર્યો નીચે મુજબ છે.

- સ્થાનીય સંસ્થાઓનું પ્રમુખ કાર્ય તે ક્ષેત્રોમાં રહેતા લોકોને ભૌતિક સુવિધાઓ,રસ્તા તથા પુલ, પાણીની આપૂર્તિ, પરિવહનની વ્યવસ્થા, વિદ્યુત તથા ગેસની આપૂર્તિ વગેરેની દેખરેખ રાખવાનું હોય છે.
- સ્થાનીય સંસ્થાઓ પોતાના ક્ષેત્રમાં રહેલા નાગરિકોના સાંસ્કૃતિક તેમજ શૈક્ષણિક વિકાસ માટે અનેક કાર્યો કરે છે. આ કાર્યોમાં પ્રારંભિક શિક્ષણની વ્યવસ્થા, માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા, ઔદ્યોગિક શિક્ષણની વ્યવસ્થા, પુસ્તકાલયો, કલાને પ્રોત્સાહન, મનોરંજનના સાધનોની વ્યવસ્થા કરવામાં આવે છે.

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

# વિવિધ વનલાઈનર પ્રશ્નો (Miscellaneous Oneliner Questions)

1. હાલમાં કયા રાજ્યએ ત્રિસ્તરીયમાંથી દ્વિસ્તરીય પંચાયતી રાજ પ્રણાલી સ્વીકારી ? – **અરૂણાચલ પ્રદેશ**
2. આક્ષેપપત્રક સાથેના પુરાવા પત્રકમાં ઉલ્લેખ કર્યા ન હોય તેવા કોઈપણ દસ્તાવેજો પ્રગટ કરવા માટે ખાતાકીય તપાસના હુકમની તારીખથી કેટલા દિવસની છૂટ આપવાની જોગવાઈ કરવામાં આવી છે? – **હુકમની તારીખથી દસ દિવસ**
3. જે શિસ્ત અધિકારીએ સરકારી કર્મચારી સામે ખાતાકીય તપાસની કાર્યવાહી શરૂ કરી હોય તે અધિકારી ખાતાકીય તપાસની કાર્યવાહી પૂર્ણ થતાં ઓછામાં ઓછી કઈ શિક્ષા કરી શકે? – **ઠપકો**
4. સરકારી કર્મચારીએ પોતાની માંદગીના કારણોસર રજા પર જવા માટે રજા અરજી સાથે કયા નમૂનામાં અધિકૃત તબીબી અધિકારી દ્વારા રજા મંજૂરી માટે ભલામણ કરતું પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે ? – **નમૂના -3**
5. કોનું તબીબી પ્રમાણપત્ર ખાનગી ગણવામાં આવશે? – **તમામ મહિલા કર્મચારી**
6. રાજ્યમાં સેવામાં નોકરી કરી રહેલા કર્મચારી કે અધિકારી અન્ય સરકારી કચેરી માટે અરજી કરવા માંગે તો તેમણે અરજી કોના મારફત કરવી જોઈએ – **નિમણૂક અધિકારી**
7. આક્ષેપપત્રક મળ્યે તે તારીખથી કેટલા દિવસની અંદર સરકારી કર્ચચારીએ તપાસ અધિકારી સમક્ષ હાજર થવું જોઈએ? – **10 કામકાજના દિવસ**
8. ગુજરાત રાજ્ય સેવા (શિષ્ટ અને અપીલ) નિયમો, 1971 કઈ તારીખથી અમલમાં આવ્યા ? – **15 ઓગષ્ટ, 1971**
9. રાજ્ય સરકારના કર્મચારીની ફરજ મોકૂફી એટલે શું – **કામચલાઉ ફરજ પરથી મુકિત**
10. સરકારી કર્મચારીને ફોજદારી ગુના બદલ કેટલા કલાક અટકાયતમાં રાખવામાં આવ્યો હોય ત્યારે તેમને ફરજમોકૂફી હેઠળ મૂકયો હોવાનું ગણવાપાત્ર છે? – **48 કલાક**
11. સરકારી રાજ્યપત્રિત અધિકારીએ દર વર્ષે પોતાની સ્થાવર અને જંગમ મિલકતની વિગત દર્શાવતું પત્રક કયારે ભરવાનું હોય છે –**1 લી જાન્યુઆરીના રોજ**
12. પંચાયતી રાજનો સૌથી મોટો ફાયદો કયો છે ?– **રાજનૈતિક ચૈતાનાનો વિકાસ**
13. જન્મ થયાના વર્ષ અને માસ બંનેની જાણ હોય પણ તારીખની જાણ ન હોય ત્યારે કઈ તારીખને જન્મ તારીખ ગણવી ? – **જે તે માસની 16 મી તારીખ**
14. રાજ્યપત્રિત સરકારી કર્મચારી એટલે કેવા કર્મચારીઓ? – **નિમણૂંક રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવી હોય તેવા સભ્ય**
15. સરકારી કર્મચારીએ માંગણી કરેલ વધુ પુરાવા રજૂ થાય ત્યાર પછી સાક્ષીની તપાસ કરવા માટે કેટલા દિવસની મુદત આપવાની જોગવાઈ છે? – 3
16. નિયમ–6 મુજબ કર્મચારીને શિક્ષા કરવાની સત્તા ન ધરાવતા અધિકારી /કર્મચારીની સામે શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરી શકે? – **હા**
17. ફરજમોકૂફીનો હુકમ અથવા ફરજમોકૂફી ઉપર ગણાતા હુકમ કેટલી મુદત સુધીમાં લંબાવવામાં આવે તો તે ગેરકાયદેસર ગણવાપાત્ર છે? –**90 દિવસ પછી**
18. ફરજમોકૂફી ઉપર ગણાતા હુકમ સમીક્ષા કર્યા બાદ સત્તાધિકારી વધુમાં વધુ કેટલા દિવસ લંબાવી શકે? – **180 દિવસ**

DEMO COPY

# હેતુલક્ષી પ્રશ્નો (Objective Questions)

## પંચાયતી રાજનો ઈતિહાસ

1. ભારતમાં સામુદાયિક વિકાસ કાર્યક્રમની શરૂઆત ક્યારે થઈ હતી?
   (A) ઈ.સ.1952 (B) ઈ.સ.1949
   (C) ઈ.સ.1955 (D) ઈ.સ.1954

2. ગ્રામસભાથી ભારતમાં કેવા પ્રકારની શાસન વ્યવસ્થાની શરૂઆત થઈ ગણાય ?
   (A) પ્રતિનિધિત્વવાળી લોકશાહી (B) પરોક્ષ લોકશાહી
   (C) પ્રત્યક્ષ લોકશાહી (D) A અને C

3. પંચાયતો માટેનો 74મો બંધારણ સુધારો સંસદમાં કોની સરકાર દરમ્યાન દાખલ કરાયો હતો ?
   (A) વી.પી. સિંહ (B) પી.વી.નરસિંહરાવ
   (C) રાજીવ ગાંધી (D) એચ.ડી.દેવગોવડા

4. 'પંચાયતી રાજ' જેવો શબ્દપ્રયોગ કોણે સૌ પ્રથમ પ્રચલિત કર્યો હતો
   (A) મહાત્મા ગાંધી (B) સરદાર પટેલ
   (C) જવાહરલાલ નહેરુ (D) ભીમરાવ આંબેડકર

5. 'ગ્રામ પંચાયતોમાં ચૂંટણી ના થવી જોઈએ',એવું કથન રાષ્ટ્રીય સ્વયંમસેવક સંઘના કયા નેતાનું હતું ?
   (A) એમ.એસ.ગોલવલકર (B) કેશવ હેડગેવાર
   (C) કુપ સી.સુદર્શન (D) રાજેન્દ્રસિંહ

6. ઈ.સ. 1954 માં પંચાયતો માટેનો પંચમુખી અભિગમ કોણે રજૂ કર્યો હતો ?
   (A) જવાહરલાલ નહેરૂ (B) વિનોબા ભાવે
   (C) ડો. આંબેડકર (D) ડો. રાજેન્દ્ર પ્રસાદ

7. મહાભારતના કયા પર્વમાં "પંચ" નો ઉલ્લેખ છે ?
   (A) શાંતિપર્વ (B) સભાપર્વ
   (C) સુંદર પર્વ (D) સમિતી પર્વ

8. ઋગ્વેદમાં ગામના વડા તરીકે ચૂંટાતા વ્યકિતનો ઉલ્લેખ કયા નામે કરવામાં આવે છે ?
   (A) મુખી (B) સરપંચ
   (C) ગ્રામપતિ (D) ગ્રામિણી

9. ગ્રીક મુસાફર મેગેસ્થનીઝે ભારતની પ્રાચીન પંચાયતોનો ઉલ્લેખ કયા નામે કર્યો છે ?
   (A) રિપબ્લીક (B) પેન્ટાર્ડ
   (C) મેગામોલીસ (D) પંચટાન

10. સામુદાયિક વિકાસનો સૌપ્રથમ ખ્યાલ કયા રાજવીને આવ્યો હતો ?
   (A) મહારાજા સવાજીરાવ ગાયકવાડ
   (B) કૃષ્ણકુમાર સિંહજી
   (C) લાખાધિરાજ
   (D) ભાવસિંહજી

## પંચાયતી રાજને લગતી સમિતિઓ

11. કઈ સમિતિએ ચાર સ્તરીય પંચાયતી રાજ સ્થાપવાની ભલામણ કરી હતી?
   (A) લક્ષ્મીમલ સિંઘવી સમિતિ
   (B) પી.કે. થુંગન સમિતિ
   (C) જી.વી.કે. રાવ સમિતિ
   (D) હરલાલ સિંહ સમિતિ

12. થુંગન સમિતિની રચના કોણે કરી હતી?
   (A) શ્રી અટલ બિહારી બાજપેય
   (B) મોરારજી દેસાઈ
   (C) રાજીવ ગાંધી
   (D) ઈન્દિરા ગાંધી

13. બળવંતરાય મહેતા સમિતિએ નીચેનામાંથી કઈ ભલામણ કરી હતી ?
   1. ગ્રામ વિસ્તારોમાં ત્રિસ્તરીય સ્થાનિક સરકાર હોવી જોઈએ.
   2. તાલુકા પંચાયત આયોજન અને વિકાસનું એકમ બને.
   3. જિલ્લા પંચાયત સંકલનકાર અને દેખરેખ રાખનારી સંસ્થા બને.
   4. ગ્રામ પંચાયતની ચૂંટણી સીધી રીતે થાય.
   (A) 1, 3, 4 (B) 1, 2, 3, 4
   (C) 1, 3 (D) 2, 3

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | A | 2) | C | 3) | B | 4) | C | 5) | A | 6) | B | 7) | B |
| 8) | D | 9) | B | 10) | A | 11) | C | 12) | C | 13) | B | | |

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

# અગાઉની પરીક્ષામાં પુછાયેલ પ્રશ્નો (Previous Exam Questions)

**GPSC – ગુજરાત વહીવટી સેવા (વર્ગ–1 તથા મુલકી સેવા વર્ગ 1/2 ઓફિસર્સ), પરીક્ષા તા.26/08/2001**

1. બળવંતરાય મહેતાનું નામ શાની સાથે વિશેષ સંકળાયેલું છે? **(કોર્ટકલાર્ક અને સ્ટેનોગ્રાફર-2012, સબ-રજિસ્ટ્રાર - 2013)**
   (A) દેશી રાજ્યોનું એકીકરણ
   (B) ભાષા–વાર પ્રાંતરચના
   (C) પંચાયતી રાજ્ય
   (D) ભારતનું બંધારણ

**GPSC – નોંધણી નિરીક્ષક પ્રશ્નપત્ર – 1 (વર્ગ–2) વર્ષ – 2002**

2. જિલ્લા આયોજન મંડળના અધ્યક્ષ કોણ છે ?
   (A) કલેક્ટર (B) જિલ્લા પ્રમુખ
   (C) જિલ્લા વિકાસ અધિકારી (D) તાલુકા પ્રમુખ

3. 'સ્થાનિક સ્વરાજયના પિતા' તરીકે કોણ જાણીતું હતું ? **(નાયબ ચિટનીસ - 2014, નાયબ ચિટનીસ - 2015)**
   (A) લોર્ડ રીપન (B) લોર્ડ મેયો
   (C) લોર્ડ કોર્નવોલિસ (D) લોર્ડ કર્ઝન

**જુનિયર વિદ્યુત નિરીક્ષક–2005**

4. ભારતમાં સૌપ્રથમ પંચાયતી રાજની સ્થાપના કયા રાજ્યમાં થઈ?
   (A) આંધ્રપ્રદેશ (B) રાજસ્થાન
   (C) ગુજરાત (D) પશ્ચિમ બંગાળ

**GPSC – ગુજરાત વહીવટી સેવા (વર્ગ–1 તથા મુલકી સેવા વર્ગ 1/2 ઓફિસર્સ), પરીક્ષા તા. 25/02/2007**

5. પંચાયતની મુદત કેટલા વર્ષ માટે હોય છે ? **(GPSC – નાયબ મામલતદાર, તા. 26/06/2011)**
   (A) સાત વર્ષ (B) કોઈ મુદત નથી
   (C) ચાર વર્ષ (D) પાંચ વર્ષ

**રેવન્યુ તલાટી પરીક્ષા તા. 14-02-2010**

6. નિર્મળ ગુજરાત અંતર્ગત નિર્મળ થતી ગ્રામ પંચાયતો વચ્ચેની હરીફાઈ માટે આપનાર રોકડ અનુદાનનો ઉપયોગ શાના માટે કરવાનો નથી ?
   (A) ઓપન ડ્રેનેજ અને ભૂગર્ભ ગટરલાઈન
   (B) ગોબર બેન્ક પ્રવૃત્તિ
   (C) જાહેર શૌચાલય
   (D) ઉકરડાનું સ્થળાંતર

7. ગામમાં આવેલી ગૌચરની જમીનનો વહીવટ કોણ કરે છે ?
   (A) ગ્રામપંચાયત (B) કલેક્ટર
   (C) જિલ્લા વિકાસ અધિકારી (D) મામલતદાર

8. દૂધ સહકારી મંડળીઓની રચના માટે માર્ગદર્શન આપવાની કામગીરી કોણે કરવાની રહે છે ?
   (A) ગ્રામમિત્ર (જન કલ્યાણ) (B) ગ્રામમિત્ર (વિકાસ)
   (C) ગ્રામમિત્ર (શિક્ષણ) (D) ગ્રામમિત્ર (કૃષિ)

9. ગ્રામસભાના પ્રમુખ ઉદ્દેશોમાં નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થતો નથી ?
   (A) અધિકારી–કર્મચારી અને લોકો વચ્ચે સુમેળભર્યા સંવાદની તક
   (B) ગરીબો અને મહિલાઓને રજૂઆત કરવાની તક
   (C) ગ્રામ વનવિકાસ તથા સમરસ ગ્રામનિર્માણ
   (D) લોકશકિતકરણ તથા લોકભાગીદારી

**GSSSB–પ્રોબેશનરી ઓફિસર (વર્ગ–3), પરીક્ષા તા.02/05/2010**

10. ભારતીય બંધારણનો 73મો બંધારણીય સુધારો કયા વર્ષે થયો?
   (A) 1992 (B) 1993
   (C) 1995 (D) 1990

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | C | 2) | B | 3) | A | 4) | B | 5) | D | 6) | A | 7) | A |
| 8) | B | 9) | C | 10) | A | | | | | | | | |

DEMO COPY

529. ગુજરાત સરકારની ઉચ્ચ શિક્ષણ માટે સહાય અંગેની યોજનાઓ અંતર્ગત 'માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના (CMMS) અન્વયે' પેરા મેડિકલ અભ્યાસ માટે કેટલી રકમઅ સુધીની ટયુશન ફી સહાય મળવા પાત્ર છે ?
(A) રૂા. 1.00 લાખ (B) રૂા. 2.00 લાખ
(C) રૂા. 3.00 લાખ (D) રૂા. 1.50 લાખ

**GSSSB ગ્રંથપાલ DT-08-01-2020**

530. ગુજરાત પંચાયત અધિનિયમ, 1993ની જોગવાઈઓ અનુસાર ગ્રામ પંચાયતની પહેલી બેઠકમાં કયું કામ કરી શકશે ?
(A) કારોબારી સમિતિની રચના
(B) સામાજિક ન્યાય સમિતિની રચના
(C) ઉપસરપંચની ચૂંટણી
(D) સરપંચની ચૂંટણી

531. રાજ્ય સરકાર હેઠળના અનામતના લાભ માટે ઉન્નત વર્ગમાંથી બાકાત હોવાનું પ્રમાણપત્ર આપવાની સત્તા કોને આપવામાં આવી ?
(A) જિલ્લા કલેકટર (B) પ્રાંત ઓફિસર
(C) તાલુકા વિકાસ અધિકારી (D) ઉપરોક્ત તમામ

**GSSSB સિનિયર ફાર્માસિસ્ટ Dt-07-01-2020**

532. તાલુકા પંચાયતના પ્રમુખની સત્તા અને કાર્યોમાં નીચેની કઈ બાબત સાચી નથી ?
(A) તાલુકા પંચાયતની બેઠકો બોલાવવી અને આવી બેઠકોનું અધ્યક્ષસ્થાન લેવું અને તેનું સંચાલન કરવું.
(B) તાલુકા પંચાયતની સેવાઓ માટે જરૂરી સેવકો અને અધિકારીઓની નિમણૂકો કરી.
(C) પંચાયતના દફતરો તપાસવા.
(D) પંચાયતના આર્થિક અને કારોબારી વહીવટ પર દેખરેખ રાખવી.

533. ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ અન્વયે મહિલા સમૃદ્ધિ યોજના અંતર્ગત લાભાર્થી માટે વ્યાજનો વાર્ષિક દર કેટલો રાખવાં આવેલ છે ?
(A) 4% (B) 3%
(C) 2% (D) 2.50%

**કોટેજ અને ગ્રામીણ ઉદ્યોગ પ્રોજેક્ટ મેનેજર, કમિશ્નરેટ વર્ગ -1 Dt-05-01-2020**

534. દરેક સ્તરની પંચાયતોના અધ્યક્ષોના હોદ્દાની કુલ સંખ્યાના કેટલાથી ઓછા ન હોય તેટલા હોદ્દાઓ, મહિલાઓ માટે અનામત રાખવાના હોય છે ?
(A) બે તૃતીયાંશથી (B) એક તૃતીયાંશથી
(C) પચીસ ટકાથી (D) ત્રીસ ટકાથી

YUVA UPNISHAD PUBLICATION DEMO COPY

| 529) | A | 530) | C | 531) | D | 532) | B | 533) | A | 534) | B |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

# સિવિલ સર્વિસ પ્રિલિમનરી પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નો (UPSC)

## UPSC PRE. - 2009

535. જો પંચાયત ભંગ કરવામાં આવે તો કેટલા સમયગાળાની અંદર ચૂંટણી થશે? **(GPSC – વાણિજયક વેરા નિરીક્ષક (વર્ગ–3) તા. 05/08/2012) જુનિયર કલાર્ક(કચ્છ...) તા.22/02/2014**

(A) 1 માસ (B) 3 માસ
(C) 6 માસ (D) 1 વર્ષ

536. નીચેનામાંથી ભારતમાં પ્રથમ નગરનિગમની સ્થાપના કયાં કરવામાં આવી હતી?

(A) કલકત્તા (B) મદ્રાસ
(C) મુંબઈ (D) દિલ્હી

## UPSC PRE. - 2010

537. નીચેમાંથી કયુ એક સત્તામંડળ કોઈ રાજ્યના રાજ્યપાલને તે વિશેષ રાજ્યની પંચાયતો દ્વારા નિયોજિત કરાતા અને ટેકસના નિર્ધારણના વિષયોમાં ભલામણ કરે છે ?

(A) જિલ્લા આયોજન સમિતિઓ
(B) રાજ્ય નાણાપંચ
(C) તે રાજ્યનું નાણાખાતુ
(D) તે રાજ્યનું પંચાયતીરાજ ખાતું

## UPSC PRE. - 2011

538. નીચેના વિધાનો પર વિચાર કરો :
ભારતમાં મહાનગર યોજના સમિતિ –
1. ભારતના બંધારણની જોગવાઈઓ હેઠળ રચાય છે.
2. એ મહાનગરીય ક્ષેત્રના વિકાસ માટે યોજનાનુ માળખુ તૈયાર કરે છે.
3. એ મહાનગરીય ક્ષેત્રમા સરકાર દ્વારા આયોજીત યોજનાઓને લાગુ કરવાની પૂર્ણ જવાબદારી પૂરી કરે છે.

– ઉપરોક્ત વિધાનોમાંથી કયુ/કયા વિધાન સાચુ/સાચા છે ?

(A) માત્ર1 અને 2 (B) માત્ર 2
(C) માત્ર1 અને 3 (D) બધાજ

539. 73મો બંધારણીય સુધારો અધિનિયમ 1992 જેનું લક્ષ્ય દેશમાં પંચાયતીરાજ સંસ્થાઓને પ્રોત્સાહિત કરવાનું છે.
નીચેનામાંથી કોની વ્યવસ્થા કરે છે?
1. જિલ્લા યોજના સમિતિઓની રચના કરવાની.
2. રાજય ચૂંટણી પંચ દ્વારા તમામ પંચાયતોની ચૂંટણી કરવાનું.
3. રાજય નાણાપંચની સ્થાપના કરવાનું.

નીચેના વિકલ્પ માંથી સાચો જવાબ પસંદ કરો.
**(નાયબ મામલતદાર તથા નાયબ સેકશન અધિકારી તા.22/01/2012)**

(A) માત્ર 1 (B) માત્ર 1 અને2
(C) માત્ર 2 અને3 (D) 1,2 અને 3

## UPSC PRE. - 2012

540. પંચાયત (અનુસૂચિત ક્ષેત્રોમાં વિસ્તારનું) અધિનિયમ 1996 અંતર્ગત સમાવિષ્ટ ક્ષેત્રોમાં ગ્રામસભાની ભૂમિકા/સત્તા શું છે?
1. ગ્રામ સભા પાસે અનુસૂચિત ક્ષેત્રોમાં ભૂમિનું હસ્તાંતરણ રોકવાની સત્તા છે.
2. ગ્રામસભા પાસે લઘુ વનોપજનું સ્વામિત્વ હોય છે. અનુસૂચિત ક્ષેત્રોમાં કોઈ પણ ખનીજના ખાણનો પટ્ટો અથવા પૂર્વેક્ષણ લાયસન્સ આપવા માટે ગ્રામસભાની ભલામણ જરૂરી છે.

ઉપરોકતમાંથી કયું કથન સાચું છે?

(A) માત્ર 1 (B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3 (D) 1,2 અને 3

## UPSC PRE. - 2013

541. સરકારે અનુસૂચિત ક્ષેત્રોમાં પંચાયત વિસ્તાર (PESA) અધિનિયમ 1996 માં બહાર પાડયો તેમાં કયો એક ઉદ્દેશના રૂપમાં ઓળખવામાં આવતો નથી?

(A) સ્વશાસન પ્રદાન કરવું
(B) પારંપરિક અધિકારોને માન્યતા
(C) જનજાતિય ક્ષેત્રમાં સ્વાયત ક્ષેત્રનું નિર્માણ કરવું.
(D) જનજાતિય લોકોને શોષણ મુકત કરવા.

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 535) | C | 536) | B | 537) | B | 538) | A | 539) | C | 540) | B | 541) | C |

DEMO COPY

## UPSC PRE. - 2015

542. પંચાયતી રાજ વ્યવસ્થાનો મૂળ ઉદ્દેશ્ય શું નિશ્ચિત કરવાનું છે?

1. વિકાસમાં લોક ભાગીદારી
2. રાજકીય જવાબદારી
3. લોકશાહી વિકેન્દ્રીકરણ
4. નાણાકીય સંગ્રહ (Finanacial Mobilazation)

ઉપરોક્ત વાકયોમાંથી કયુ/કયા વાકય સાચુ/સાચા છે?

(A) 1,2 અને 3 (B) 2 અને 4
(C) 1 અને 3 (D) 1,2,3 અને 4

## UPSC PRE. - 2016

543. નીચેના વાકયો પર વિચાર કરો.

1. કોઈ પણ વ્યકિતને પંચાયતના સભ્ય બનવા માટે ઓછામાં ઓછી ઉંમર 25 વર્ષ હોવી જોઈએ.
2. પંચાયત સમય કરતા પહેલા ભંગ થઈ જાય ત્યાર પછી રચાતી નવી પંચાયત ફકત બાકી રહેલા સમય સુધી જ ચાલુ રહેશે.

ઉપરોક્ત વાકયોમાંથી કયુ/કયા વાકય સાચુ/સાચા છે?

(A) માત્ર 1 (B) માત્ર 2
(C) 1 અને 2 (D) એક પણ નહિ.

544. ગ્રામ અધિનિયમના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વાકય સાચુ/ સાચા છે?

1. આ અધિનિયમ અનુસાર ગ્રામ ન્યાયાલય ફકત સિવિલ કેસોનો જ ચુકાદો આપે છે. ગુનાહીત કેસોનો નહિ.
2. આ અધિનિયમ સ્થાનીક સામાજિક સક્રીય વ્યકિતઓને મધ્યસ્થીના રૂપમાં સ્વીકાર કરે છે.

(A) માત્ર 1 (B) માત્ર 1 અને 2
(C) માત્ર 2 અને 3 (D) 1,2 અને 3

## UPSC PRE. - 2017

545. સ્થાનીક સ્વશાસનની સર્વોત્તમ વ્યાખ્યા આ કરી શકાય છે કે આ એક પ્રયોગ છે

(A) સંઘવાદનો
(B) લોકશાહી વિકેન્દ્રીકરણનો
(C) વહીવટી સોંપણીનો
(D) પ્રત્યક્ષ લોકશાહીનો

## UPSC PRE. - 2019

546. ભારતીય બંધારણની કઈ અનુસૂચીમાં જનજાતિ વિસ્તારની જમીનનું ખનન માટે ખાનગી ખાનગી પક્ષો દ્વારા સ્થાનાંતરણ નિરર્થક અને શુન્ય જાહેર કરી શકાય છે?

(A) ત્રીજી અનુસૂચી (B) પાંચમી અનુસૂચી
(C) નવમી અનુસૂચી (D) બારમી અનુસૂચી

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 542) | C | 543) | B | 544) | B | 545) | D | 546) | B |

DEMO COPY
YUVA UPNISHAD PUBLICATION

## લેખક વિશે....



અજય પટેલ

શ્રી અજય પટેલ (B.Sc.) UPSC / GPSC દ્વારા લેવાતી રાજય અને કેન્દ્ર સરકારની સ્પર્ધાત્મક પરીક્ષાઓની સઘન તૈયારીઓનો બહોળો અનુભવ ધરાવે છે. છેલ્લા ઘણા વર્ષોથી સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ કેન્દ્ર સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલા છે. સુરત શહેરમાં વર્ષ 2011 થી સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોને માર્ગદર્શન અને દિશા – નિર્દેશન માટે તેમણે યુવા ઉપનિષદ્ ફાઉન્ડેશનની શરૂઆત કરી અને હાલ તેઓ આ સંસ્થાના ડિરેકટર છે, અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરાવતી જાણીતી સંસ્થા (SPIPA) માં પણ માર્ગદર્શન આપે છે.



સંજય પાઘડાળ

શ્રી સંજય ચતુરભાઈ પાઘડાળ–એમ.એ, B.C.J.P. (પત્રકારત્વ)ની પદવી હાંસલ કરી છે અને આ વિષયના ગહન અભ્યાસુ છે. દક્ષિણ ગુજરાતમાં વર્ષ 2005 થી 'ઉપનિષદ્ એકેડેમી' ની શરૂઆત કરી. સ્પર્ધાત્મક પરીક્ષાના ક્ષેત્રમાં કાર્યરત જુદીજુદી અનેક સંસ્થાઓ સાથે તેઓ એક દાયકાથી વધુ સમયનો શિક્ષણ–પ્રશિક્ષણનો અનુભવ ધરાવે છે. તેમના માર્ગદર્શન હેઠળ દક્ષિણ ગુજરાતના અનેક વિદ્યાર્થીઓ સરકારના વિવિધ વિભાગની સેવામાં કાર્યરત છે. હાલ તેઓ સુરત સ્થિત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે જાણીતી 'યુવા ઉપનિષદ્ ફાઉન્ડેશન' સંસ્થાના ડાયરેકટર છે.

YUVA UPNISHAD PUBLICATION

2nd Floor, Ankur Shopping Center, Nr. Gujarat Gas Circle, Adajan, Surat. Mo. 99094 49289

ISBN - 978-81-944889-1-0

9 788194 488910